निर्भयरामभट्टकृत

# आशौच(सूतक)निर्णयः

ટીકા સાથે.

છપાવી પ્રસિદ્ધ કરનાર

ત્રીભોવનદાસ પીતાંબરદાસ શાહ.

નડીઆદ.


સંવત ૧૯૭૨ સન ૧૯૧૬

આવૃત્તિ પેહેલી. પ્રત ૧૦૦૦

અમદાવાદ કાળુપુર ટંકશાળની પોળમાં

શ્રી રામકૃષ્ણ પ્રીન્ટીંગ પ્રેસમાં શા મગનલાલ

હરીવલ્લભદાસે છાપ્યું.

Library IIAS, Shimla
PH 491.2 B 469 A
00015654

INDIAN INSTITUTE OF ADVANCED STUDY
Acc. No. 15654
Date 24/10/68
SIMLA

PH 10/10/83
491.2
B469A

# અકારાદિ અનુક્રમણિકા.

॥ ૧ ॥ પરિભાષા પ્રતિબિંબ ॥ શ્લોક.


| | |
|---|---|
| અતિક્રાંત (વખત વીત્યા પછી સાંભળેલું.) | ૨૧ |
| અનુગમન (શબ પાછળ સ્મશાને જવું તે) | ૮ |
| અનૂચાન (સાંગવેદ ભણનાર) | ૩૦ |
| અનૌરસ (ધર્મપત્નીથી ન જન્મેલો.) | ૩૭ |
| આશૌચ સન્નિપાત (એક ઉપરાંત બીજું આશૌચ પડે તે) | ૪૧ |
| આરંભ (વૈદિક કર્મોની શરૂઆત) ક્યારથી ? | ૭૧ |
| ઋત્વિજ (યજ્ઞકર્મ કરાવનાર.) | ૨૭ |
| કૈમુતિક ન્યાય. (એક વાત કહેતાં બીજી તેમાં સમજાય તે) | ૩૬ |
| ગર્ભપાત. (પાંચમાથી છઠ્ઠા માસ સુધીનો ગર્ભ પડે તે) | ૨ |
| ગર્ભસ્રાવ. (ચાર માસ સુધીના ગર્ભનું ગળવું તે) | ૨ |
| ગ્રંથ અને ગ્રંથકાર (નામનિર્દેશ.) | ૧ |
| દેશાચાર (નિવાસ સ્થાનનો રિવાજ) | ૧૬ |
| દે..ાંતર. (જ્યાં મરણની ખબર ન પહોંચાડાય તે) | ૨૩ |
| ,, ભટ્ટોજીદીક્ષિત મતે. | ૨૪ |
| પક્ષિણી { એક દિવસને બે રાત્ર અથવા } | ૧૧ |
| { બે દિવસ ને એક રાત્ર. } | ૨૯ |
| પિંડરૂ (જનનાશૌચ.) | ૨ |
| પ્રસવ (અવતરવું–જણવું.) | ૨ |
| બંધુત્રય. | ૨૮ |
| ભિન્નપિતૃક (માતા એક ને પિતા જુદા તે) | ૩૯ |
| મંગળાચરણ. | ૧ |
| યજ્ઞોપવિત (જનોઇ) નો કાળ. | ૧૭ |
| વિવાહ અને યજ્ઞોપવિતની સમાનતા. | ૩૫ |
| શબવહન (ધર્માર્થ.) | ૫૯ |
| ,, (સજાતીય.) | ૬૧ |

સગોત્ર (૧૫ થી ૨૧ પેઢીસુધીના પુરૂષ) ૧૯
સચ્છૂદ્ર. (ગોવાળ, હજામ ઇત્યાદિ વૈશ્યના આચારે રહેનારો) ૧૬
સન્નિપાત આશૌચ. (એકપર બીજું આશૌચ પડે તે) ૪૧
સપિંડ (૭ પેઢી સુધીના પુરૂષો.) ૧૯
સમાનોદક (૮ થી ૧૪ પેઢીના.) ૧૯
સહજસંબંધ. (સગપણનું જ્ઞાન હોય ત્યાં સુધી) ૭૪
સ્પર્શદોષની ગણના. ૭૬
જ્ઞાતિ ૭

## ॥ ૨ ॥ સગોત્ર જનનાશૌચ પ્રતિબિંબ. ॥


| | કેટલું આશૌચ? | શ્લોક. |
|---|---|---|
| અનૌરસ પુત્રનું પિતાને | ૩ રાત્ર. | ૩૭ |
| ગર્ભપાતનું સપિંડોને. | ૩ રાત્ર. | ૩ |
| ગર્ભસ્ત્રાવનું ,, | સ્નાન. | ૩ |
| દીકરીનો પ્રસવ બાપને ત્યાં થાય તો. | ૧ દિન. | ૧૫ |
| ,, માધવાચાર્ય મતે. | ૩ દિવસ | |
| પ્રસવમાં સપિંડો તથા માતાને | સંપૂર્ણ | ૩ |
| બાલક મરેલું અવતરે કે પિંડરૂમાં મરે તો. | સંપૂર્ણ | ૪ |
| ,, નાલ છેદન પૂર્વે મરે તો. | ૩ દિન. | ૫ |
| ,, નાલ છેદન પછી મરે તો. | સંપૂર્ણ. | ૫ |
| બાપને પિંડરૂ. | સંપૂર્ણ. | ૨૦ |
| બાપ દશ દિવસ પછી સાંભળે તો. | સ્નાન | ૨૦ |
| ભિન્ન પિતૃક સહોદર ભાઇનું. | ૧ રાત્ર | ૩૯ |
| સગોત્ર (૧૫ થી ૨૧ પેઢી) માંજન્મનું. | સ્નાન કે ૧ દિન. | ૧૯ |
| સપિંડ (૭ પેઢી) માં કોઇને ત્યાં જન્મનું | ૧૦ દિન | ૧૬ |
| સમાનોદક (૮ થી ૧૪ પેઢી)માં જન્મનું | ૩ રાત્ર | ૧૯ |
| ,, ૧૦ દિવસ પછી ખબર પડે તો. | નહિ. | ૨૦ |
| સન્નિપાત આશૌચ સમાન કે ઓછું હોય તો. | પૂર્વશેષ | ૪૧ |
| સ્ત્રી બીજા સાથે ગઇ હોય તે જણે તેનું. | ૩ રાત્ર. | ૩૮ |
| સ્ત્રી રાખેલીના પ્રસવનું. | ૩ રાત્ર. | ૩૮ |

## ॥ ૩ ॥ સગોત્ર મરણાશૌચ પ્રતિબિંબ. ॥

| | કેટલું આશૌચ | શ્લોક. |
|---|---|---|
| અગ્નિહોત્રીના પર્ણશરદાહનું સપિંડોને | ૧૦ દિન. | ૬૯ |
| અનોરસ પુત્રનું | ૩ રાત્ર. | ૩૭ |
| કન્યાનું ચૌલકર્મ સુધી ત્રણ પેઢી સુધી | સ્નાન. | ૧૦ |
| ,, ચૌલકર્મ પછી અને વાગ્દાન પૂર્વે | ૧ દિન. | |
| ,, વાગ્દાન પછી અને લગ્નથયા પ્રથમ સાસરિયાં અને પિયેરયાં બંનેને | ૩ દિન | |
| ,, લગ્ન થયા પછી માતા પિતાને | ૩ રાત્ર. | |
| કુંવારી કન્યાને માતા પિતાનું | સંપૂર્ણ. | ૨૬ |
| ધણીધણીઆણીને પરસ્પર | સંપૂર્ણ. | ૨૫ |
| પિંડરૂમાં બાલક મરે તો | સ્નાન | ૪ |
| પુત્રીના મરણનું સૂતક [કન્યાનું જુઓ] | | ૧૦ |
| બાલક [પુત્ર] દાટેલાનું નિકટ સંબંધીઓને | સ્નાન | ૬ |
| ,, દાહ કરેલાનું ,, | ૧ દિન. | ૧ |
| ,, દાંત આવ્યા પૂર્વે દાટે તો ,, | સ્નાન. | ૭ |
| ,, દાંત આવ્યા પછી દાટે તો ,, | ૧ દિવસ. | ૮ |
| ,, ,, બાળે તો ,, | ૩ દિવસ. | ૮ |
| ,, નુ માતા પિતાને | ૩ દિવસ. | ૯ |
| બેહેન (પરણેલી) પિતાને ઘેર મરે તો ભાઇને | ૩ રાત્ર. | ૧૧ |
| ,, ,, સાસરે ,, | પક્ષિણી. | ૧૧ |
| ,, ,, ને ભાઈનું સૂતક | પક્ષિણી. | ૧૨ |
| ,, ,, પતિગૃહે મરે તો | ૩ રાત્ર. | ૧૨ |
| ,, કુંવારીને દાટવામાં આવે તો | ૧ રાત્ર. | ૧૩ |
| ,, ,, દહન કરવામાં ,, | ૩ રાત્ર | ૧૩ |
| બ્રાહ્મણને ૭ પેઢીમાં કોઈપણ જનોઇવાળાનું | ૧૦ દિન. | ૧૬ |
| ભિન્ન પિતૃક સહોદર ભાઇનું | ૩ રાત્ર. | ૩૯ |
| મા [ઓરમાન અથવા સાવકી] નું | ૩ દિન. | ૨૫ |
| માતા પિતાનું પુત્રને | ૧૦ દિન. | ૨૫ |
| ,, કુંવારી પુત્રીને (પુત્રવત્) | સંપૂર્ણ. | ૨૬ |

| | કેટલું આશૌચ | શ્લોક |
|---|---|---|
| વૈશ્યને ૭ પેઢીમાં | ૧૫ કે ૧૦ દિવસ | ૧૬ |
| શૂદ્રને ૭ પેઢીમાં કોઇનું પણ | ૧ માસ કે ૧૦ દિન. | ૧૬ |
| શૂદ્રનોવિવાહનથયોહોયતો૧૬વર્ષપછીનાનું. | સંપૂર્ણ | ૧૮ |
| સચ્છૂદ્રને ૭ પેઢી સુધી | ૧૫ કે ૧૦ દિન. | ૧૬ |
| સમાનોદકમાં જનોઈ વગરનાનું | સ્નાન | ૨૦ |
| ,, જનોઇવાળાનું | ૩ રાત્ર. | ૧૯ |
| સાત પેઢી (સપિંડ) માં જનોઇવાળાનું | ૧૦ દિન | ૧૬ |
| ક્ષત્રીને ૭ પેઢી સુધી જનોઇવાળાનું. | ૧૦ કે ૧૨ દિન. | ૧૬ |

## ॥ ૪ ॥ પરગોત્ર મરણાશૌચ પ્રતિબિંબ. ॥

| | | |
|---|---|---|
| અનૂચાનનું | ૧ રાત્ર | ૩૦ |
| અસપિંડનું મરણુ જેને ઘેર થાય તેને | ૩ રાત્ર | ૩૧ |
| ,, (વિષ્ણુ મતે) | ૧ રાત્ર | ૩૧ |
| આચાર્યનું શિષ્યને (બૃહસ્પતિ મતે) | ૩ રાત્ર | ૩૨ |
| ઋત્વિજનું યજમાનને | પક્ષિણી | ૨૭ |
| ,, (પ્રચેતા મતે) | ૩ રાત્ર | ૩૨ |
| ગુરુનું શિષ્યને | ૧ રાત્ર | ૩૦ |
| ,, (પ્રચેતા મતે) | ૩ રાત્ર | ૩૨ |
| જમાઇનું | સ્નાન | ૭૩ |
| દાદા તથા નાના (માના બાપ) ની બેહેનો, મામા મામીઓ તથા તેમની પ્રજાનું | પક્ષિણી | ૩૬ |
| ,, ,, પોતાને ઘેર મરે તો | ૩ દિવસ | ૩૬ |
| દોહિત્ર (પુત્રીના પુત્ર) જનોઇ વગરનાનું | પક્ષિણી | ૨૮ |
| જનોઇવાળાનું | ૩ દિવસ | ૩૩ |
| દોહિત્રીનું (દાટવામાં આવે તો) | સ્નાન | ૧૪ |
| ,, (દાહ કરવામાં આવે તો) | પક્ષિણી | ૧૪ |
| નાના (માના બાપ) નું બૃહસ્પતિ મતે | ૩ રાત્ર | ૩૨ |
| નાની (માની મા) નું પ્રચેતા મતે | ૩ રાત્ર | ૩૨ |

| | કેટલું આશૌચ | શ્લોક |
|---|---|---|
| નાની (માની મા) નું અન્ય મતે પક્ષિણી કે | ૧ રાત્ર | ૩૨ |
| પરણેલી પુત્રીઓને મા બાપનું | ૩ રાત્ર | ૨૬ |
| પરણેલી પુત્રીનું પાંચ પેઢી સુધી | સ્નાન | ૭૪ |
| ફોઇનું | પક્ષિણી | ૨૭ |
| બંધુત્રયનું જનોઇ પછી | પક્ષિણી | ૨૭ |
| ,, દાટવામાં આવે તો | સ્નાન | ૩૫ |
| ,, જનોઇથી પૂર્વે | ૧ દિન | ૩૫ |
| ,, ,, શુદ્ધિમયુખ પ્રમાણે | સ્નાન | ૩૫ |
| ,, (સ્ત્રીરૂપમાં પુરુષ પ્રમાણેજ) | | |
| ,, નાં છોકરાંનું | સ્નાન | ૭૪ |
| બાળક મરેલું અવતરે તો | સ્નાન | ૪ |
| ભાણેજનું [દાટવામાં આવે તો) | સ્નાન | ૧૪ |
| ,, (દાહ કર્યો હોય તો) | પક્ષિણી | ૧૪ |
| ,, ,, જનોઇ વગરનાનું | પક્ષિણી | ૩૩ |
| ,, ,, જનોઇવાળાનું | ૩ દિન | ૩૩ |
| મામા મામીને ભાણેજનું (દાટે તો) | સ્નાન | ૧૪ |
| ,, (બાળે તો) | પક્ષિણી | ૧૪ |
| મામા વગેરેનું એક ગામમાં | ૩ રાત્ર | ૨૪ |
| ,, બીજા ગામમાં મરે તો | પક્ષિણી | ૨૪ |
| ,, દેશાંતરમાં (૨૪ ગાઉ ઉપર) | ૧ દિન | ૨૪ |
| મા બાપનું પરણેલી પુત્રીને | ૩ રાત્ર | ૨૬ |
| માની મા, માસી, મામો (સગો કે સાવકો)મામી અને મિત્રનું | પક્ષિણી | ૨૭ |
| મામી (સાવકી) નું | સ્નાન. | ૨૭ |
| મામાનું અન્ય મતે | ૧ રાત્ર | ૩૦ |
| માસી અને મામાનું પ્રચેતા મતે | ૩ રાત્ર | ૩૨ |

| | કેટલું આશૌચ | શ્લોક. |
|---|---|---|
| મા બાપની બેહેનો તથા મામા મામીઓ તથા તેમની પ્રજાનું ષડશિતિ" ગ્રંથોક્ત | પક્ષિણી | ૩૬ |
| ,, ,, ઘરમાં મરણ થાય તો | ૩ દિન | ૩૬ |
| યજમાનનું ગુરુને પ્રચેતા મતે | ૩ રાત્ર | ૩૨ |
| શાળો તથા શાળાના પુત્રનું | સ્નાન | ૭૩ |
| શિષ્યનું ગુરુને | પક્ષિણી | ૨૭ |
| ,, અન્ય મતે | ૧ રાત્ર | ૩૦ |
| શ્રોત્રિયનું | ૧ રાત્ર | ૩૦ |
| ,, બૃહસ્પતિ મતે | ૩ રાત્ર | ૩૨ |
| સસરા, સાસુનું જમાઇને | પક્ષિણી | ૩૭ |
| ,, ,, પ્રચેતા મતે | ૩ રાત્ર | ૩૨ |
| સહાધ્યાયીનું | પક્ષિણી | ૨૭ |
| સ્ત્રી બીજા સાથે નીકળી ગઇ હોય તેનું | ૩ રાત્ર | ૩૮ |
| સ્ત્રી રાખેલીના મરણનું | ૩ રાત્ર | ૩૮ |

॥ ૫ ॥ અતિક્રાંત મરણાશૌચ પ્રતિબિંબ. ॥

| | | |
|---|---|---|
| એક દેશમાં દશદિન પછી અને ૩ માસ સુધી | ૩ રાત્ર | ૨૧ |
| ,, ૩ માસ પછી અને ૬ માસ સુધી | પક્ષિણી | ૨૧ |
| ,, ૬ માસ પછી અને ૯ માસ સુધી | ૧ દિન | ૨૧ |
| ,, ૯ ,, ૧૨ ,, સુધી | સ્નાનજલદાન | ૨૧ |
| ,, વર્ષ પૂર્ણ થયા પછી સાંભળે તો | સ્નાન | ૨૧ |
| ત્રણ રાત્રિના આશૌચમાં | સ્નાન | ૨૪ |
| દેશાંતરમાં ૧૦ દિવસ પછી સાંભળે તો | સ્નાન | ૨૨ |
| ,, ૧૦ દિવસ અંદર સાંભળે તો બાકીનું | (પૂર્વશેષ) | ૨૨ |

॥ ૬ ॥ સન્નિપાત આશૌચ પ્રતિબિંબ ॥

| | | |
|---|---|---|
| એક ઉપર બીજું આવી પડે તેની મુદત | ૯ દિવસ | ૪૩ |
| ,, દશમે દિને પડે તો વધારે | ૨ દિવસ | ૪૩ |
| ,, દશમા દિવસની પાછલી રાત્રે પડે તો વધારે | ૩ દિવસ | ૪૪ |

| | કેટલું આશૌચ | શ્લોક. |
|---|---|---|
| પરણેલી પુત્રીને દશાહ પછી માબાપનું | ૧ાા દિવસ | ૪૭ |
| પિતાના નવ દિનમાં માતાનું પડે તો વધારે | પક્ષિણી | ૪૯ |
| ,, દશમે દિને માતાનું પડે તો , | ૩ાા દિન | ૫૦ |
| ,, દશાહની પાછલી રાતે ,, ,, | ૪ાા દિન | ૫૦ |
| માતાના આશૌચમાં પિતાનું પડે તો | સંપૂર્ણ | ૫૧ |
| વધારાના દિવસોમાં બીજું પડે તો | સંપૂર્ણ | ૪૫ |
| સન્નિપાત આશૌચ સુવાવડી, અગ્નિસંસ્કાર કરનાર અને મરનારના પુત્રોને | સંપૂર્ણ | ૪૬ |
| ,, માં સપિંડી વિચાર | | ૫૧ |
| સપિંડોના સૂતકમાં માબાપનું પડે તો | સંપૂર્ણ | ૪૭ |
| ,, સ્ત્રીનું પડે તો (બાકીનું) | પૂર્વશેષ | ૪૮ |
| સમાન કે ઓછું હોય તો (પ્રથમ સાથે) | પૂર્વશેષ | ૪૨ |


## ાા ૭ ાા પ્રકીર્ણ પ્રતિબિંબ. ાા


| | | |
|---|---|---|
| અગ્નિહોત્રી આશૌચ વિચાર | | ૫૪ |
| અગ્નિહોત્રીને ક્યાંસુધી સૂતક ન લાગે ? | | ૬૩ |
| અનાર્ય શૂદ્ર શબવહનાવિચાર | | ૬૦ |
| અનુગમન શુદ્ધિ (સજાતિ કે ઊંચ વર્ણની) | | ૫૭ |
| ,, હીન વર્ણની | | ૫૮ |
| અસ્થિ સંચયન (હાડકાં લેવા વિષે) વિચાર | | ૫૫ |
| **અસ્થિસ્પર્શ સંબંધી સૂતક** | | |
| અજાણે મનુષ્યનાં લીલાં હાડકાંના સ્પર્શનું | સ્નાન | ૫૨ |
| ,, ,, સૂકાં ,, ,, | ૩ આચમન | ૫૨ |
| જાણીતા ,, ,, ,, ,, | ૧ દિન | ૫૨ |
| ,, ,, લીલા ,, ,, | ૩ દિન | ૫૨ |
| જાનવરનાં લીલાં ,, ,, | સ્નાન | ૫૩ |
| ,, સૂકાં ,, ,, | આચમન | ૫૩ |
| અસ્પર્શપણા રૂપ આશૌચ વિચાર | | ૭૦ |
| આશૌચ ક્યારે ન લાગે | | ૭૧ |

| | કેટલું આશૌચ શ્લોક. |
|---|---|
| આશૌચનો આરંભ ક્યારથી (દાહ પછી) | ૩૪ |
| આશૌચી અન્ન ભક્ષણ વિચાર | ૫૬ |
| આશૌચીના સદાવ્રતનું કાચુ અન્ન ખાનારને (નહિ) | ૭૧ |
| ,, રાંધેલું ,, ૩ રાત્ર | ૭૧ |
| એકરાત્ર ત્રણ રાત્ર આશૌચ વ્યવસ્થા | ૪૦ |
| કર્મમાં અનધિકારરૂપ આશૌચ | ૭૦ |
| ગર્ભપાતમાં આશૌચ ન માનવાનું કારણ | ૩ |
| જનોઇનો કાળ નિર્ણય | ૧૭ |
| ધર્માર્થે શબવહન વિચાર | ૫૯ |
| પુતલ વિધાનના આશૌચનો વિચાર | ૬૬ |
| બ્રહ્મચારીને આશૌચી અન્ન ભક્ષણ નિષેધ | ૬૨ |
| બાળકને ક્યાં સુધી દાટવું | ૬ |
| ,, ક્યારે દાટવું અને ક્યારે બાળવું | ૭-૮ |
| ,, જલાંજલી ક્યારે દેવી | ૯ |
| રજસ્વળા સ્પર્શની શુદ્ધિ | ૭૫ |
| વર્ણભેદે આશૌચમાં દેશાચાર પ્રમાણ | ૧૬ |
| સન્નિપાતમાં સપિંડી વિચાર | ૫૧ |
| સંસ્કાર પાછળથી થાય તે સંબંધી આશૌચ વિચાર | ૬૫ |
| સૂતકપાળ્યા પછી સંસ્કાર થાય તો સ્ત્રીએ કેમ કરવું? | ૬૭ |
| ,, સપિંડોએ શું કરવું? | ૬૮ |
| સૂતક ક્યાં સૂધી ન લાગે | ૬૩-૬૪ |
| સૂતકી અન્ન ભક્ષણ વિચાર | ૬૨ |
| સૂતકમાં ક્યાં કર્મ થઇ શકે? | ૭૧ |
| સ્નાન કોનું ક્યાં સુધી લાગે તેનો વિચાર | ૭૩ |
| સંધ્યા સૂતકમાં થાય કે નહિ તેનો વિચાર | ૭૨ |
| હાડકાનાં સ્પર્શનો વિચાર | ૫૨ |

## ॥ अथ वपनाधिकारिणआह ॥

निर्णयसिंधौ—गंगायां भास्करक्षेत्रे माता[1] पित्रो[2]-र्गुरोर्मृते ॥ आधाने सोमयागे च वपनं सप्तसु स्मृतं ॥ १ ॥ "अन्यच्च" "स्मृतिरत्नावल्यां" विद्यागुरौ पितरि मातरि मातुले च मातामहे च ललनाजनके मृते च ॥ मित्रौ स्तथा स्वसरि पूर्वभवे च बंधौ क्षौरं सपिंडमरणे नृपतौ च कूर्यात् ॥ २ ॥ "अन्यच्च" प्रयोगसंग्रहे" मातुलो मातामह्यौ च श्वशुरश्चगुरुस्तथा ॥ ज्येष्ठभ्राता तथा माता पिता चैव पितृव्यकाः ॥ ३ ॥ एतेषां वपनं कुर्यादन्यथा सूतकी भवेत् ॥ ४ ॥ "अन्यंच्च प्रेतोल्हासे" प्रेतकनिष्ठाः सर्वे मुंडयाः ॥ कनिष्ठे मृते ज्येष्ठेन क्रिया कार्या न क्षौरमिति ॥ ५ ॥ " पुनः" " निर्णयसिंधो " अनुभाविनां च परिवापनमिति अनुभाविनः कनिष्ठाः ॥ ६ ॥

क्षौरसंबंधि विशेषनिर्णयं दृष्टुमपेक्षा चेत्तर्हि बृहज्ज्योतिषार्णवसंहितास्कंधांतर्गतचतुःषष्ठ्युत्तरशततमे क्षौरनिर्णयाध्याये दृष्टव्यः ॥

---

टीप—१—"राजपत्नी गुरोःपत्नी मित्रपत्नी तथैव च ॥ पत्नीमाता स्वमाता च पंचैताः मातरस्मृताः" ॥ १ ॥

२—"जनेताचोपनेता च यस्तुविद्यांप्रयच्छति ॥ अन्नदाता भयात्राता पंचैते पितरःस्मृताः" ॥ २ ॥

**(હવે મૂછ સાથે ક્ષાર કોની પાછલ કરાવવું તેનો નિર્ણય.)**

**ભાવાર્થ**—ગંગાદિતીર્થોમાં, ભાસ્કરાદિક્ષેત્રોમાં, (જીવતા માબાપોનો વિચાર કરીને) માતા ([1]પાંચ પ્રકારની) પિતા ([2]પાંચ પ્રકારનાં) ગુરૂ ([3]ત્રણ પ્રકારનાં) અગ્નિહોત્ર લીધાપછી, સોમયજ્ઞ કરવામાં, મામા (મામી,) નાના (નાની) સસરો, મિત્ર, બેહેનો ([4]પાંચ પ્રકારની તથા તેના પતિ તથા માતા પિતાની બેહેનો તથા તેના પતિ) મોટા ભાઇ ([5]પાંચ પ્રકારના તથા તેની સ્ત્રીઓ) સપિંડો (સાત પેઢી સુધીના સંબંધી તથા ચૌદ પેઢી સુધીના સોદકપણુ) રાજા, કાકો (કાકી) એટલાઓની પાછળ [6]વપન અવશ્ય કરાવવું. મરનારથી નાહનાં સંબંધીઓ બધા ક્ષૌર કરાવવાના અધિકારીઓ છે. તે જો ઉપર લખેલા મૃતકની પાછલ વપન નહિ કરાવે તો જ્યાંલગી તે નીમાળા રહે ત્યાંલગી તે સૂતકી કેહેવાય. તે પંક્તિમાં સાથે બેસવા લાયક નહિ ગણાય. આ વિષયમાં એટલો વિચાર રાખવો જે મરનાર જો

---

ટીપ—૧. રાજાનીસ્ત્રી, ગુરૂનીસ્ત્રી, મિત્રનીસ્ત્રી, સાસુ પોતાનીમા, (સગી કે સાવકી.)

૨. જન્મ આપનાર, જનોઈ આપનાર, વિદ્યા ભણાવનાર, અન્ન આપનાર, અને ભયમાંથી છોડાવનાર.

૩. ઉપાધ્યાય, વિદ્યાગુરૂ, મોક્ષગુરૂ (આચાર્ય)

૪. સગી તથા સાવકી બેન. કાકાની દીકરી, મામાની દીકરી માસીની દીકરી ફોઈની દીકરી.

૫. સગો તથા સાવકોભાઇ, કાકાનો પુત્ર, મામાનો પુત્ર, માસીનો પુત્ર, ફોઇનો પુત્ર.

૬. નખ, કાખ, ગુહ્ય ઇંદ્રિય વર્જ્ય કરીને જે ચોટી સાથે સંપૂર્ણ હજામત તે—ચૌલ.

કેવલ ચોટી રાખીને માથાના બાલ ઉતરાવે તે—ક્ષૌર.

કેવલ ચોટી રાખી દાઢી મુછ સાથે કેશ ઉતરાવે તે—વપન

પોતાથી નાની ઉંમરનો હોય ને સંબંધથી મોટો હોય તો તેની પાછલ પણ વપન અવશ્ય છે. જેમ કે સાવકી મા, મામો, કાકો વગેરે પોતા કરતાં અવસ્થાથી નાના હોય તો પણ તેઓનો દરજ્જો મોટો છે માટે તેઓની પાછલ પણ વપન કરાવવું અવશ્ય છે. હવે નાહનાની મરણ ક્રિયા જો મોટાને કરવાનો પ્રસંગ આવે તો તેણે ક્રિયા માત્ર કરવી પણ વપન કરાવવું નહિ. આ **નિર્ણયસિંધુ, સ્મૃતિરત્નાવલિ, પ્રયોગસંગ્રહ, પ્રેતોલ્હાસ.** આ ગ્રંથોને આધારે સંક્ષેપમાં લખ્યું છે. તે આત્મબંધુ, આત્મભગિનિ, ૭પિત્રબંધુ, ૮પિતૃભગિનિ, ૯માત્રબંધુ, ૧૦માત્રભગિનિ જે પાંચ પ્રકારના છે તેના વિષયમાં પણ જાણવું. જેને વિશેષ જાણવાની ઇચ્છા હોય તેણે **બૃહજ્જયોતિષાર્ણવનાં સંહિતાસ્કંધમા ૧૬૪ મા અધ્યાયમાં** જોઇ લેવું.

## ॥ इति वपननिर्णयःसमाप्तः ॥

---

૭. પિતાના કાકા, મામા, માસી, તથા ફોઇના દીકરાઓ.
૮. પિતાના કાકા, મામા, માસી, તથા ફોઈની દિકરીઓ.
૯. માતાના કાકા, મામા, માસી, તથા ફોઈનાં દીકરાઓ.
૧૦. માતાના કાકા, મામા માસી, તથા ફોઈની દિકરીઓ.

## આશૌચી અને રજસ્વલાના ભોજનનો વિચાર.

**આશૌચ**માં અને **રજસ્વલા** ધર્મમાં બંનેને નિત્ય એકવાર જમવાનો **બીજા ગ્રંથોમાં** લેખ છે. કારણ પ્રતિદિન તેની અશુદ્ધિ ઓછી થતી જાય છે. તેથી સૂતકીએ પ્રતિદિન પોતાનાં અડેલા વસ્ત્ર ભીજવી ને નહાવું અને દિનપૂર્વભાગમાં (બપોરસૂધીમાં) એકવાર જમવું. તે જો ન સહન થાય તો બીજીવાર ફલાદિકનો ઉપઆહાર કરવો. તે પણ જો પ્રકૃતીને અનુકુળ ન આવે તો જેદહાડે સૂતક ઉતરતું હોય તેને આગલે દહાડે એકવારજ જમવું કારણ સૂતકમાં ખાધેલું અન્ન જ્યાંસૂધી પચન થઇગયું નથી ત્યાંસૂધી તે સૂતકી શુદ્ધ થઇ શકતો નથી. તેથી પૂર્વદિનભાગના એક ટંકનું ભોજન વર્જ્ય કરવું. સૂતક સૂર્યોદયના સમયે ઉતરતું હોયતો આગલી રાત્રના પૂર્વ દિનભાગનું અને જો રાત્રીનાં ઉતરતું હોય તો તે દિને સવારનાં પૂર્વભાગનો ભોજન વર્જ્ય કરીને સૂતક ઉતર્યાબાદ શુદ્ધ થઇ ભોજન કરવું. એવો **સદાચાર** છે. પરંતુ **રજસ્વલાએ** તો નિત્ય સ્નાન કરવું નહીં. કેવલ ચોથેજ દહાડે ચીકાસ કહાડી નહાવું અને એકવસ્ત્રજ રાખવું સાંપ્રત જે તીજે દહાડે અડકાએલી સ્ત્રીઓ નાહેછે તે કેવળ ચોથે દહાડે સ્નાનમાં વાર ન લાગે માટે માથા વગેરેમાંથી ચિકાસ કહાડી નાખવા માટે છે પરંતુઆ અશાસ્ત્ર છે. દૂધ અને પાન તો બંનેને વર્જ્ય છે. સૂતકી અને રજસ્વલાનાં વિશેષ નિયમો " ધર્મસિંધુ " આદિ ગ્રંથોમાં જોઇ લેવા.

॥ श्रीहरिर्जयति ॥

# ॥ निर्भयरामकृत आशौचनिर्णयः ॥

## मङ्गलश्लोकः

१ मूल—श्रीद्वारकाधीशपदारविन्दं नत्वा सदाचारविचाररम्यम् ॥ आशौचशुद्ध्यै कुरुते निबन्धं विद्वज्जनो निर्भयरामसंज्ञः ॥

૧ અર્થ—શ્રીદ્વારકાધીશના ચરણકમળમાં પ્રણામ કરીને ઉત્તમ આચાર વિચારોથી સુંદર આશૌચ નિર્ણય નામનો નિબંધ ગ્રંથ આશૌચની શુદ્ધિ થવા માટે નિર્ભયરામ નામક વિદ્વાન કરે છે (બનાવે છે).

२ मूल—"अथपराशरः" आ चतुर्थाद्भवेत्स्रावः पातः पञ्चमषष्ठयोः ॥ अत ऊर्ध्वं प्रसूतिः स्याद्दशाहं सूतकं भवेत् ॥१॥ इति तत्र स्रावे आद्यमासत्रये मातुस्त्रिरात्रमाशौचम् । उपरि आषष्ठं माससमसंख्यादिनमाशौचम् । चतुर्थेचत्वारि । पञ्चमे पञ्च । षष्ठे षट् इत्यर्थः॥

૨ અર્થ—હવે પરાશર ઋષિનો આ મત છે કે પ્રથમ માસથી તે ચોથા માસ સુધી જો ગર્ભ ગળી જાય તો તે સ્ત્રાવ ( ગર્ભનો સ્ત્રાવ ) એમ કહેવાય છે અને પાંચમે અથવા છઠ્ઠે માસે જો ગર્ભ પડી જાય તો

તેને ગર્ભપાત એમ કેહેવાય છે. અને તે પછી એટલે સાતમા માસથી કોયપણ માસમાં જો બાલક અવતરે તો તેને પ્રસવ એમ કેહેવાય. જો ગર્ભસ્ત્રાવ થાય તો પ્રથમથી તે ત્રણ માસ પર્યંત માતાને ત્રણ રાત્રિનું આશૌચ લાગે અને જો ચોથે માસે સ્રવે તો ચાર દિવસ, અને ગર્ભપાત થાય તો એટલે પાંચમે પાંચ, છઠે છ દિવસનું આશૌચ લાગે. અને જો છ માસ ઉપરાંત જણવામાં આવે તો સંપૂર્ણ દશ દિવસનું જનનાશૌચ (પિંડરૂ) પાળવું.

३ **मूल**—सपिण्डानां तु स्नानमात्रेण शुद्धिः स्रावे ॥ पाते तु दिनत्रयम् ॥ सप्तमासप्रभृति तु स्वजात्युक्तं दशाहादि जननाशौचं सपिण्डनां मातुश्च ॥

૩ **અર્થ**—ગર્ભસ્ત્રાવ થવાથી સપિંડો[1] (મૂળ પુરૂષથી ગણતાં સાત પેઢી સૂધીના) ની સ્નાન માત્રથીજ શુદ્ધિ જાણવી. અને જો પાત થયો હોય તો ત્રણ[2] રાત્રિનું આશૌચ પાળવું અને સાતમા માસથી ગમે તે વખતે પ્રસવ થાય તો પોતપોતાની જાતિ પ્રમાણે એટલે બ્રાહ્મણને દશ રાત્રિ, ક્ષત્રિયને દ્વાદશ (બાર)

---

૧ મૂળ પુરૂષથી લઇને સાત પેઢી સુધી સપિંડ કહેવાય છે.

૨ ગર્ભપાતમાં આજ કાલ સપિંડ ઘણું કરીને આશૌચ માનતા નથી તેમાં પ્રમાણ सद्यशौच सपिण्डानां गर्भस्यपतने सती । એ મરીચી રૂષિનું વચન કદાચ મનાય તેમ છે.

રાત્રિ, વૈશ્યને પક્ષ (પંદર દિવસ) અને શૂદ્રને માસ એ પ્રમાણે આશૌચ સપિંડો તથા માતાને લાગે.

૪ **मूल**–जन्माशौचमध्ये शिशुमरणे मृताशौचं नाऽस्त्येव ॥ जननर्निमित्तमेवाऽऽशौचम् ॥ निष्प्राण· निर्गमेऽप्येवम् ॥

૪ **અર્થ**–પિંડરૂમાં જો બાલક ગુજરી જાય તો મરણનું આશૌચ લાગે નહી. પિંડરૂજ પાળવું. મરેલુંજ જો બાલક અવતરે તોપણ પિંડરૂજ પાળવું.

૫ **मूल**–नालच्छेदात्पूर्वं शिशुमरणे सपिण्डानां दिनत्रयमेव वृद्धिसूतकम् । तदनन्तरं मरणे तु संपूर्णमाशौचम् ॥

૫ **અર્થ**–નાલ છેદનથી પ્રથમ જો બાલક ગુજરી જાય તો સર્વ સપિંડોએ ત્રણ દિવસ પિંડરૂ પાળવું જોઇયે. અને જો નાલ છેદન થયા બાદ બાલકનું મરણ બને તો સંપૂર્ણ દશાદિવસનું આશૌચ લાગે.

૬ **मूल**–दशाहादुपरि नामकरणात्पूर्वं शिशुमरणे निखननमेव ॥ नाग्न्युदकादिदानम् ॥ ज्ञातीनां सचैलस्नानात्सद्यः शुद्धिः ॥

૬ **અર્થ**–દશ દિવસ પછી અને નામકરણથી પ્રથમ, જો બાલક મરણ પામે તો ભૂમી સાથે સંસ્કાર કરવો એટલે તે બાલકનો દાહ ન કરતાં પૃથ્વીમાં દાટી

દેવું. અને જલદાન પણ ન કરવું જાતિવાળાઓ (નિકટસંબંધીઓ) એ તરત સચૈલ સ્નાન કરવું બીજું કાંઈ પણ નહીં.

૭ **મૂલ**–नामकरणादूर्ध्वं दन्तजननात्प्राङ्मरणे तु दहनखननयोर्विकल्पः ॥ तत्र दहने ज्ञातीनामेकाहम् ॥ अनुगमनं कृताकृतम् ॥ खननपक्षेतु सद्यः शुद्धिः ॥

૭ **અર્થ**–નામ પાડયા પછી અને દાંત આવ્યાથી પ્રથમ, જો બાલક ગુજરી જાય તો ડાટવું અથવા બાળવું. જો દાહ કર્યો હોય તો જ્ઞાતિવાળાઓને એક દિવસનું સૂતક લાગે. અનુગમન (શ્મશાને શબ પાછળ જવું તે) કરવું અથવા ન કરવું. જો દાટવામાં આવે તો જ્ઞાતિવાળાઓની તરત શુદ્ધિ જાણવી. આશૌચ નહીં, જ્ઞાતિ એટલે નિકટના સંબંધીઓ સમજવા.

૮ **મૂલ**–दन्तजननादूर्ध्वमपि त्रिवर्षपर्यन्तमकृतचूडस्य खननदहनयोर्विकल्प एव ॥ खनने एकाहमाशौचम् ॥ दहने त्रिरात्रम् ॥ अत्रोनद्विवर्षान्तमनुगमनं कृताकृतम् ॥ पश्चान्नित्यम् ॥

૮ **અર્થ**–દાંત આવ્યા પછી ત્રણ વર્ષપર્યંત બાળમોવાળા જેનાં ઉતરાવેલ ન હોય તેવું બાલક જો ગુજરી જાય તો ડાટવું અથવા બાળવું. ડાટયું હોય

તો જાતિવાળાઓને એક દિવસનું સૂતક લાગે. અને અગ્નિસંસ્કાર કીધો હોય તો ત્રણ દિવસનું સૂતક લાગે. પોણાબે વર્ષ સુધી અનુગમન (શબ પછવાડે શ્મશાને જવું તે) કરવું અથવા ન કરવું, પણ પછી તો એટલે પોણાબે વર્ષ ઉપરાંત તો જરૂર અનુગમન કરવું જોઇએ.

९ **मूल**—कृतसमन्त्रचूडस्य त्रिवर्षात्पूर्वमपि तूष्णीमुदकदानं त्रिरात्रमाशौचं च नियतमेव ॥ मातापित्रोस्तु अनुपनीत शिशुमरणे दहनखननयोरविशेषेण त्रिरात्रम् ॥

૯ **અર્થ**—વેદવિધિથી જે બાલકનું ચુડાકર્મ ( બાળમોવાળા ઉતરાવવા તે ) કરવામાં આવ્યું હોય અને ત્રણવર્ષ પ્રથમ તે ગુજરી જાય તોપણ નામગોત્રના ઉચ્ચારણ શિવાય જલની અંજલિ દેવી. અને ત્રણ રાત્રિ આશૌચ પાળવું માતપિતાએ તો અગ્નિદાહલાયક અથવા ભૂમીદાહલાયક અનુપનીત (વગર જનોઈ વાળો) બાલક ગુજરી જાય તો ત્રણ રાત્રિજ આશૌચ પાળવું.

१० **मूल**—अथ स्त्र्यपत्यमरणे तु विशेषः ॥ त्रिपुरुषपर्यन्तं ज्ञातीनामाचौलात्सद्यः शुद्धिः ॥ ततो वाग्दानादर्वाक एकाहमाशौचम् ॥ ततो विवाहादर्वाक्

पतिपक्षे पितृपक्षे च त्र्यहमाशौचम् ॥ पित्रोस्तु जनना- शौचानन्तरं पुत्रीमरणे त्रिरात्रमाशौचमिति निर्णीतं शुद्धिमयूखे ॥ सँस्कृतास्वपि कन्यासु मृतासु पित्रो- स्त्रिरात्रमाशौचम् ॥

૧૦ **અર્થ**–હવે જો કન્યારૂપ બાલકનું મરણ થયું હોય તો તે ખાતે અવિશેષ સમજવું તે એકે ત્રણ પેઢી સુધીના સગોત્રીની ચૌલકર્મપર્યંત તરત શુદ્ધિ થાય છે. ત્યારપછી વાગ્દાનની પેહેલાં એક દિવસનું આશૌચ લાગે. ત્યારપછી વિવાહની પ્રથમ પતિપક્ષ ( સાસરિયાંવાળાઓને ) તથા પિતૃપક્ષમાં ( બાપનાપક્ષવાળાઓને ) ત્રણત્રણ દિવસનું આશૌચ લાગે. પિંડરૂ ઉતરી ગયા બાદ જો પુત્રીનું મરણ થાય તે ત્રણ રાત્રિનું માતાપિતાને આશૌચ લાગે. એમ શુદ્ધિમયુખ નામના ગ્રંથમાં લખે છે. વિવાહ થયા પછી પુત્રીનું મરણ થાય તો પણ માતાપિતાને ત્રણ રાત્રિનું સૂતક લાગે.

૧૧ **મૂલ**–पितृगेहे भगिनीमरणे भ्रातुस्त्रिरात्र माशौचम् ॥ पतिगेहे भगिनीमरणे तु पक्षिणी ॥

૧૧ **અર્થ**–પિતાના ઘરમાં બેહેનનું મરણ થાય તો ભાઈને ત્રણ રાત્રિનું આશૌચ લાગે. બેહેન તેને સાસરે ગુજરી જાય તો ભાઇને પક્ષિણી એટલે બે

રાત અને એક દિવસ અથવા બે દિવસ અને એક રાત્રિ, એમ દોઢ દિવસ સૂતક લાગે.

૧૨ **मूल**—एवं पतिगेहे भ्रातृमरणे भगिन्यास्त्रिरात्रमाशौचम् ॥ गृहान्तरमरणे तु पक्षिणी ॥

૧૨ **અર્થ**—એમજ પતિના ઘરમાં ભાઇનું મરણ થાય તો બેહેનને ત્રણ રાત્રિ આશોચ લાગે. પતિના ઘર શિવાય બીજે ઠેકાણે ભાઇનું મરણ થાય તો બેહેનને પક્ષિણી સૂતક લાગે.

૧૩ **मूल**—अविवाहितभगिनीमरणे तु षण्मासानन्तरं खनने एकरात्रम् दहने त्रिरात्रम् ॥

૧૩ **અર્થ**—વિવાહ (વાગ્દાન) વિનાની બેહેનનું મરણ છમાસની ઉપર થાય અને તેને ડાટવામાં આવે તો એકરાત્રિ આશૌચ લાગે અને જો દહન કર્યું હોય તો ત્રિરાત્ર આશૌચ લાગે.

૧૪ **मूल**—एवं दौहित्रीभागिनेयीमरणे खनने स्नानमात्रं दहने पक्षिणी॥ विवाहानान्तरमपि पक्षिणी ॥

૧૪ **અર્થ**—એમજ દોહિત્રી તથા ભાણેજ ગુજરી ગઇ હોય તોપણ ખનન ( ડાટવા )માં સ્નાન માત્ર. અને દાહમાં પક્ષિણી આશૌચ લાગે. વિવાહ પછીપણ પક્ષિણી સુતક સમજવું.

INSTITUTE OF ADVANCED STU
Acc. No. 12659
Date 24/5/76

१९ **मूल**–पितृगृहे कन्यायाः प्रसवे पित्रोरेकाहं वृद्धाशौचम् ॥

१५ **અર્થ**–બાપને ઘેર દિકરીને પ્રસવ થયો હોય તો માતાપિતાને એક દિવસ પિંડરૂં લાગે. [1]માધવાચાર્યજીનો મત એવો છે કે કન્યાના પ્રસવમાં માતાપિતાને ત્રિરાત્ર સૂતક લાગે.

१६ **मूल**–सपिण्डजनने उपनीतमरणे च ब्राह्मणस्य दशाहमाशौचम् ॥ क्षत्रियस्य द्वादशाहम् ॥ वैश्यस्य पञ्चदशाहम् ॥ शूद्रस्य मासम् ॥ [2]सच्छूद्रस्य पक्षम् ॥ अथवा "सर्वेषामेव वर्णानां सूतकं दशरात्रकम्" इति पक्षः ॥ अत्र देशाचारतो व्यवस्था ॥

१६ **અર્થ**–સાત પેઢીમાં કોઈને ત્યાં જન્મ થયો હોય, તો યા જનોઈ દીધેલા બાળકનું મરણ થયું હોય તો, જન્મ ખાતાનું પિંડરૂ દશ દિવસ લાગે. તથા જનોઇવાળાના મરણ ખાતાનું આશૌચ પણ દશ દિવસનું સમાન લાગે. તેમાં એવો ક્રમ

---

૧ માધવાચાર્યનો મત એવો છે કે કન્યાના પ્રસવમાં માતાને તથા પિતાને ઘણા દિવસનું પિંડરૂં લાગે છે "प्रसवेऽपि त्रिरात्रं पित्रोरेक रात्रं भ्रात्रादिबन्धुवर्गस्य" "दत्तानारी पितुर्गेहे सूयेताथ म्रियेतवा ॥ तद्बंधुवर्गस्त्वेकेन शुचिस्तज्जनकस्त्रिभि इति ब्राह्मोत्तरे ॥

२ "सच्छूद्रो गोपनापिता."

સમજવો કે બ્રાહ્મણને દશ દિવસ, ક્ષત્રિયને બાર દિવસ, વૈશ્યને પંદર દિવસ. સચ્છુદ્રને* પણ પંદર દિવસ અને શુદ્રને એક માસપર્યંત આશૌચ લાગે અથવા ચારે વર્ણે એટલે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ સર્વેએ દશદશ રાત્રિનું આશૌચ પાળવું એમ પણ એક પક્ષ છે. આની વ્યવસ્થા શિષ્ટસંમત દેશાચારપ્રમાણે કરવી.

१७ **મલ**—**अष्टमैकादशद्वादशवर्षाणि ब्राह्मणक्षत्रियवैश्यानां क्रमेण मुख्योपनयनकालः ।। गौणकालस्तु ततो द्विगुणः ।। उपनयनाभावेऽपि स्वस्वकालानन्तरं मरणे ब्राह्मणादीनां संपूर्णमाशौचमिति मुख्यः पक्षः ।। षोडशवर्षानन्तरमिति लोकव्यवहारप्रसिद्धो गौणः पक्षः ।।**

१७ **અર્થ**—આઠમે વર્ષે બ્રાહ્મણને યજ્ઞોપવીત ( જનોઇ ) આપવું. અગિયારમે વર્ષે ક્ષત્રિયને યજ્ઞોપવીત આપવું. બારમે વર્ષે વૈશ્યને જનોઇ આપવું, એ મુખ્ય કાળ છે. યજ્ઞોપવીત બાબતસર ગૌણ કાલ ઉપર કહેલ સમયથી દરેક વર્ણમાટે બમણો સમજવો. જેમકે બ્રાહ્મણને સોળવર્ષ. ક્ષત્રિયને બાવીસ વર્ષ. વૈશ્યને ચોવિશ વર્ષ. પરંતુ આ સમય ગૌણ છે.

---

* ઉત્તમવંશમાં ઉત્પન્ન થનાર, મદ્યમાંસનો ત્યાગ કરનાર, બ્રાહ્મણવગેરેનો સેવક, વૈશ્યવૃત્તિથી જીવનારો સત્શૂદ્ર કહેવાય છે.

યજ્ઞોપવીતનો મુખ્ય સમય જે પ્રથમ કહીગયા એટલે બ્રાહ્મણ માટે આઠમું, ક્ષત્રિયમાટે અગીયારમું, વૈશ્યમાટે બારમું વર્ષ, તે જો વીતી જાય અને જનોઇ ન દેવાય, તો પછી તેના મરણથી બ્રાહ્મણાદિ ત્રિવર્ણને પુરેપુરૂં આશૌચ લાગે. આ મુખ્ય પક્ષ છે. શોળ વર્ષ થયા બાદ પૂર્ણ આશૌચ લાગે આ બાબત લોક વ્યવહાર પ્રસિદ્ધ ગૌણ પક્ષથી છે. ઉત્તમ નહીં. સારાંશ આ છે કે જે વર્ણ માટે જે યજ્ઞોપવીતનો મુખ્ય સમય લખ્યો છે તે વીત્યા બાદ વિના જનોઇવાળાનું મરણ થાય તો પુરેપુરૂં આશૌચ લાગે.

૧૮ **मूल**–शूद्रस्य तु विवाहाभावेऽपि षोडशवर्षानन्तरं मरणे संपूर्णमाशौचम् ॥

૧૮ **અર્થ**–શૂદ્રને તો તેનો વિવાહ થયા વિના પણ શોળ વર્ષ પછી મરણ થાય તો સંપૂર્ણ આશૌચ લાગે.

૧૯ **मूल**–कूटस्थमारभ्य सप्त पुरुषाः सपिण्डाः॥ ततः सप्त समानोदकाः ततः सप्त सगोत्रजा एव ॥ तत्र समानोदके समुत्पन्ने उपनीते मृते च त्रिरात्रमाशौचम् ॥ गोत्रजे तु स्नानाच्छुद्धिरिति केचित् ॥ मिताक्षरादिमते तु एकरात्रम् । व्यवहारोऽप्ययमेव

**અર્થ**–હવે મૂલ પુરૂષથી લઇને સાત પેઢી સુધીના પુરૂષો સપિંડ કેહેવાય. ત્યારપછી ચૌદ પેઢી

સુધીના પુરૂષો સમાનોદક કેહેવાય. અને પંદરમી પેઢીથી એકવીશ પેઢી સુધીના પુરૂષો સગોત્ર કેહેવાય. જો સમાનોદકમાં કોઈ પણ જનમ્યો હોય અથવા જનોઈવાળો મરણ પામે તો ત્રણ રાત્રિનું આશૌચ લાગે. સગોત્રમાં કોઇનો જનમ યા મરણ થાય તો સ્નાનથીજ શુદ્ધિ થાય છે. એમ કેટલાએકનો મત છે. મિતાક્ષરા વિગેરેના મતમાં તો એક દિવસનું સૂતક લાગે એમ છે. અને વ્યવહાર પણ એવોજ છે.

૨૦ **મૂલ**—आशौचकर्तृम्रियमाणयोर्मध्ये एकस्याऽप्यष्टमत्वे उभयोरपि समानोदकत्वप्रयुक्तत्रिरात्रमेवाशौचमिति निर्णीतं मयूखे ॥ अनुपनीतसमानोदकमरणे आशौचं नाऽस्तीत्यपि तत्रैवोक्तम् ॥ तत्र सूत्याशौचं दशाहादुपरिजनने ज्ञाते नाऽस्त्येव ॥ तत्र पितुः स्नानमेव ॥

૨૦ **અર્થ**—આશૌચ પાળનાર તથા મરનાર આ બેમાંથી કોઇ એક આઠમો પુરૂષ થાય તો ત્રણરાત્રિનું આશૌચ લાગે. એમ શુદ્ધિમયૂખ નામના ગ્રંથમાં નિર્ણય કર્યો છે. જનોઇ આપ્યા શિવાય [1]સમાનોદકમાંથી કોઈનું મરણ થાય તો આશૌચ ન લાગે એમ પણ તે ગ્રંથમાં કહેલું છે. અને જનનાશૌચ પણ દશ દિવસ પછી જાણવામાં આવે તો તે પણ ન લાગે. દશ

[1] સાત પેઢી ઉપરાંતથી ચૌદમી પેઢી સુધી.

दिवस पछी जननाशौच सांभळवाथी बापने स्नान मात्र लागे.

२१ **मूल**–मृताशौचं तु दशाहोपरिमासत्रयात्पूर्वं मरणे ज्ञाते त्रिरात्रम् ॥ ततः आषष्ठं पक्षिणी ॥ ततः आनवममहः ॥ ततः स्नानोदकदानाभ्यां शुद्धिरावर्षात् ॥ वर्षादूर्ध्वं तु आप्लवमात्रम् ॥

२१–**अर्थ**–मरणाशौच दश दिवस पछी त्रण मास सुधी सांभळवामां आवे तो त्रण रात्रि आशौच लागे अने त्रण मास पछी अने छ मासनी अंदर पक्षिणी ( दोढ दिवस ) आशौच लागे. नव मासनी अंदर एक दिवस आशौच लागे. त्यार पछी बार मासनी अंदर स्नान तथा जलदानथी शुद्धि थाय छे. अने वर्ष पूर्ण थया पछी जो सांभळे तो स्नान करवाथीज शुद्धि थाय छे.

२२ **मूल**–एतच्च त्रिरात्रादिकमाशौचं समानदेशे वाच्यम ॥ देशान्तरे तु दशाहादुपरि स्नानमेवेति ॥ दशाहाद्यवच्छिन्नो यः स्वाशौचकालस्तन्मध्ये द्वितीयादौ दिवसे जननमरणयोः श्रवणे तु अवशिष्टैरेवदिवसैः शुद्धिः ॥

२२ **अर्थ**–आ त्रिरात्रादिक आशौच एक देशमां जाणवानुं छे. देशांतर ( परदेश )मां तो दश दिवसो

પછી સ્નાન માત્રજ લાગે. સૂતક લાગે નહીં. દશ દિવસોનું આશૌચ લાગતું હોય અને તે જે વખતે એટલે બીજે યા ત્રીજે, ચોથે દિવસે પણ સાંભળવામાં આવે તો ત્યારથી જેટલા દિવસો બાકી હોય તેટલા દિવસજ આશૌચ પાળવું.

૨૩ मल–प्रत्यहं योजनद्वयं गच्छन् पुरुषो यत्र मृतस्य वार्त्तामाशौचकालमध्ये प्रापयितुं न शक्नोति तद्देशान्तरम्॥ तथा च विप्रस्य दशाहाशौचिनो विंशतियोजनैर्देशान्तरम्॥ क्षत्रियस्य द्वादशाहाशौचिनश्चतुर्विंशतियोजनैर्देशान्तरम्॥ वैश्यस्य पञ्चदशाहमाशौचं तस्य त्रिंशद्योजनैर्देशान्तरम्॥ शूद्रस्यमासाशौचं तस्य षष्टियोजनैर्देशान्तरम्॥ सच्छूद्रस्य वैश्यवद्गणना कार्या॥

૨૩ અર્થ–હમેશ જે માણસ આઠ કોશ ચાલતો હોય અને મરનારના મરણની ખબર આશૌચના વખતમાં સાંભળવામાં ન આવે, અર્થાત્ મરણના ખબર ત્યાં ન પોહોંચી શકે તેનું નામ દેશાંતર સમજવું તેમાં દશ દિવસનું આશૌચ લાગનાર બ્રાહ્મણને વીશ યોજન (૮૦ કોષ) નું દેશાંતર માનવું. બાર દિવસોનું આશૌચ પાળનાર ક્ષત્રિયને ચોવીશ યોજન (૯૬ કોષ) નું દેશાંતર માનવું. પંદર દિવસોનું આશૌચ પાળનાર વૈશ્યને ત્રીશ યોજના (૧૨૦ કોષ) નું

દેશાંતર માનવું એક માસનું સૂતક પાળનાર શૂદ્રને સાઠ યોજન (२४० કોષ)નું દેશાંતર માનવું; અને સચ્છૂદ્ર માટે વૈશ્ય માફક માનવું.

२४ मूल–इदमतिक्रान्ताशौचं हि दशरात्रे न तु त्रिरात्रादाविति सर्वत्र निर्णीतम् ॥ तथा सति भट्टोजिदीक्षितैः स्वकृताशौचप्रकरणे "तथा एकाह पक्षिणी त्रिरात्राशौचेषु द्विचतुः षड्योजनरुपदेशान्तराणि प्रयोज्यानीति" लिखितम् ॥ तत्रकोऽभिप्राय इतिचेत्तत्राऽयमाशयः दीक्षितलेखो हि स्मृत्यर्थसारमूलकः ॥ तत्र स्मृत्यर्थसारे मातुलादिमरणे त्रिरात्रं पक्षिणी एकाहमाशौचं वेति प्रकारत्रयमुक्तम् ॥ तत्र समानग्रामे त्रिरात्रम् ॥ ग्रामान्तरे पक्षिणी ॥ देशान्तरे एकरात्रमिति व्यवस्थापितम् ॥ तत्र देशान्तरापेक्षायां षड्भिर्योजनैर्देशान्तरमित्युक्तम् ॥ एवं पक्षिण्यादावपिव्यवस्थोक्ता ॥ तथा च दीक्षितलेखस्याऽयमभिप्रायो न तु स्वदेशे त्रिरात्राशौचमतिक्रान्तं कर्तव्यम् ॥

२४ અર્થ–આ [1]અતિક્રાંતાશૌચ દશ રાત્રિના સૂતકમાં લાગેછે પરંતુ ત્રણ રાત્રિના સૂતકમાં લાગતું નથી. એમ સર્વ ગ્રંથોમાં નિર્ણય કર્યો છે. કદાચિત્ ઇહાં કોઇને શંકા થાય કે ભટ્ટોજીદીક્ષિતે બનાવેલા

[1] અતિક્રાંત આશૌચનો અર્થ એવો છે કે આશૌચના દિવસ વિતી ગયા પછી સાંભળ્યું હોય.

આશૌચ પ્રકરણમાં એમ લખેલું છે કે એક દિવસનાં આશૌચમાં બે યોજનનું દેશાંતર માનવું. દોઢ દિવસના આશૌચમાં ચાર યોજનનું દેશાંતર માનવું. અને ત્રણ રાત્રિના આશૌચમાં છ યોજનનું દેશાંતર માનવું. ત્યાં કેમ સમજવું ? તો ત્યાં એમ સમજવું કે દીક્ષિતજીનો ગ્રંથ સ્મૃત્યર્થસાર નામના ગ્રંથને આધારે બનેલો છે. અને સ્મૃત્યર્થસારમાં એમ લખેલું છે કે મામા વિગેરેના મરણમાં ત્રણ રાત્રિ, [૧]પક્ષિણી અથવા એક દિવસનું આશૌચ લાગે. એમ જુદી જુદી બાબતસર ત્રણ પ્રકાર જણાવ્યા છે. તેનો એવો અભિપ્રાય છે કે એક ગામમાં ત્રણ રાત્ર, બીજા ગામમાં દોઢ દિવસ, અને દેશાંતરમાં એક રાત્ર. એમ વ્યવસ્થા લખી છે. તેમાં છ યોજનનું દેશાંતર માન્યું છે, માટે દીક્ષિતજીના લેખનો ઉપર લખેલો આશય છે. પણ સ્વદેશમાં ત્રિરાત્ર સૂતક અતિક્રાંત હોય તો પણ પાળવું એમ અભિપ્રાય નથી. અર્થાત્ ભટ્ટોજીદીક્ષિતનું લખવું વિરૂદ્ધતાને જણાવતું નથી.

२९ **મૂલ**—मातृपितृमरणे तु विशेषः । "पितरौचेन्मृतौ स्यातां दूरस्थोऽपि हि पुत्रकः॥ श्रुत्वा तद्दिनमारभ्य दशाहं सूतकी भवेत्"॥ मातुः सपत्न्यास्त्रिदि-

---

૧ બે દીવસ અને એક રાત અથવા બે રાત અને એક દિવસ તે પક્ષિણી.

नम् ॥ स्त्रीपुरुषयोः परस्परं संपूर्णमाशौचम् ॥ इति सगोत्राशौचप्रकरणम् ॥

૨૫ અર્થ—માતાપિતાના મરણમાં તો વિશેષ છે. દેશાંતરમાં પુત્ર હોય અને પોતાનાં માબાપમાંથી કોયનું મરણ થયું છે એમ સાંભળેતો જ્યારથી સાંભળે તે દિવસથી દશદિવસપર્યંત સૂતક લાગે. ઓરમાન (સાવકી) માનું ત્રણદિવસ સૂતક લાગે અને ધણીધ-ણિયાણી વચ્ચે પરસ્પર પૂરેપૂરૂં સૂતક લાગે.

## ઇતિસગોત્રાશૌચપ્રકરણમ્.

૨૬ મલ—अथ परगोत्राशौचविचारः ॥ पित्रोरुपरम [1]व्यूढकन्यानां [2]त्रिरात्रम् ॥ अविवाहितकन्यानां तु पित्रादिमरणे पुत्रवत्संपूर्णमाशौचमिति ॥

૨૬ અર્થ—હવે પરગોત્ર આશૌચ પ્રકરણ—માતા-પિતાના મરણથી પરણાવેલી પુત્રિયોને ત્રણ રાત્રિનું સૂતક લાગે. અને કુંવારી પુત્રિયોને પિતા વિગેરેના મરણથી પુત્રમાફક પૂર્ણ આશૌચ લાગે.

---

૧ સાવકીમાનું પણ ત્રણ દિવસ લાગે એમ ધર્મસિંધુમાં છે.

૨ દશ દિન ઉપરાંત સાંભલ્યુ હોય તો દોઢ દીવસ લાગે એવો નિર્ણય છે અને કાકા વગેરેના મરણમાં તો વિવાહિ-ત કન્યાને દશ દિવસની અંદર પણ અર્થાત્ મુદ્દલ ન લાગે मातुलाशौच वत्पुत्र्याः पितृव्याशौच मीष्यते ॥ એ વચન તો નિર્મૂલ છે એમ નિર્ણય સિંધુમાં કહ્યું છે.

૨૭ **मूल**—ऋत्विजि दौहित्रे सहाध्यायिनि बन्धुत्रये शिष्ये श्वशुरे श्वश्रां मित्रे भगिन्यां भागिनेये मातामह्यां पितृष्वसरि मातृष्वसरि मातुले मातुलान्यां च पक्षिणी॥

૨૭ **અર્થ**—ઋત્વિજ (યજ્ઞસંબંધી કર્મ કરાવનાર), દોહિતરો (પુત્રીનો પુત્ર) સહાધ્યાયી, બંધુત્રય[1] (ત્રણ જાતના ભાઇયો) શિષ્ય, સસરો, સાસુ, મિત્ર, બેહેન, ભાણેજ, માનીમા (નાની) ફુઈ, માસી, મામો (સગો તેમજ સાવકો) અને મામી ઇત્યાદિમાંથી કોઈનું મરણ થાયતો પક્ષિણી સૂતક લાગે. સાવકી મામીનું સ્નાનમાત્ર લાગે.

૨૮ **मूल**—बन्धुत्रयंतु " आत्मपितृष्वसुः पुत्रा आत्ममातृष्वसुः सुताः आत्ममातलपुत्राश्च विज्ञेया आत्मबान्धवाः ॥ १ ॥ पितुः पितृष्वसुः पुत्राः पितुर्मातृष्वसुः सुताः ॥ पितुर्मातुल पुत्राश्च विज्ञेयाः पितृबान्धवाः ॥ २ ॥ मातुः पितृष्वसुः पुत्रा मातुर्मातृष्वसुः सुताः ॥ मातुर्मातुलपुत्राश्च विज्ञेया मातृबान्धवाः " ॥ ३ ॥ इति ॥

---

૧ અવાંતર ભેદથી બંધુત્રય નવ છે. તેમાં આત્મબંધુનો પરસ્પર સરખો સંબંધ છે તેથા સમાન સૂતક પરસ્પર છે બાકીના ૭ રહ્યા તેમાંથી કોઇ મરે તો દેવદત્તને આશૌચ લાગે પણ દેવદત્ત મરે તો બાકીના ૭ ને આશૌચ ના લાગે કારણકે તે દેવદત્તના બંધુ છે પણ દેવદત્ત તેમનો બંધુ નથી એમ ધર્મસિંધુમાં "अचेदंतत्वम्" ઇત્યાદિ લેખથી નિર્ણય છે.

૨૮ અર્થ–ઉપર ત્રણ જાતના ભાઇયો (બંધુત્રય) લખેલા છે. તેનો અર્થ એમ સમજવો કે આત્મબંધુ, પિતૃબંધુ, અને માતૃબંધુ, એ ત્રણ જાતના બંધુ. તેમાં આત્મબંધુ એટલે પોતાના ભાઇયો જેમ કે પોતાની ફુઈના દીકરાઓ, માશીના દીકરાઓ અને મામાના દીકરાઓ સમજવા. હવે પિતૃબંધુ એટલે પિતાના ભાઇયો જેમ કે બાપની ફુઇના દીકરાઓ, બાપની માશીના દીકરાઓ અને બાપના મામાના દીકરાઓ તે પિતૃબાંધવ સમજવા, માતાની ફુઇના દીકરાઓ, માતાની માશીના દીકરાઓ અને માતાના મામાના દીકરાઓ, માતૃબાંધવ જાણવા. આ પ્રમાણે ત્રણ જાતના જે ભાઇયો તે બંધુત્રય એ શબ્દથી શાસ્ત્રમાં ઓળખાય છે. સારાંશ આ છે કે બંધુત્રયમાંથી કોયનું મરણ થાય તો પક્ષિણી સૂતક પાળવું.

२९. मूल–पक्षिणीशब्दार्थस्तु दिवा मरणे तदहः अन्तरारात्रिः परेद्युश्च ॥ रात्रिमरणे तु सा रात्रिः परेद्युरहोरात्रिश्चेति हरदत्तेनोक्तः ॥ “ आगामिवर्त्तमानाहर्युक्तायां निशि पक्षिणी ” इत्यमरकोशव्याख्यायां क्षीरस्वामिनाऽप्युक्तम् । पक्षाविव पक्षौ पूर्वोत्तरदिवसौ तन्मध्यवर्त्तिनी रात्रिः पक्षिणी ॥ निशाद्वयमध्यगो दिवसोऽप्येवमेवेति ॥

૨૯ **અર્થ**—પક્ષિણી શબ્દનો અર્થ એ છે કે જો દિવસમાં મરણ થયું હોય તો તે દિવસ અને તે દિવસની રાત્રિ અને પાછો બીજો દિવસ આખો. તેનું નામ પક્ષિણી જાણવું. એમજ રાત્રિમા મરણ થયું હોય તો પણ તે રાત્રિ અને બીજો દિવસ અને રાત્રિ. સારાંશ બે દિવસ અને એક રાત. અથવા બે રાત ને એક દિવસ તેનું નામ પક્ષિણી એમ હરદત્ત પંડિત કહે છે. અમરકોશની વ્યાખ્યા કરનાર ક્ષીરસ્વામી પંડિત પણ એજ અથ કહે છે. એટલે દિવસ, રાત, અને દિવસ અથવા રાત, દિવસ અને રાત. એનું નામ પક્ષિણી.

૩૦ **મૂલ**—" गुर्वन्तेवास्यनूचानमातुलश्रोत्रियेषु च " इति एकरात्रमाह ॥

૩૦ **અર્થ**—ગુરૂ[૧] શિષ્ય અનુચાન એટલે અંગ-

---

૧ અહીં ગુરૂ મામા વગેરેનું એક દિનનું સૂતક બતાવે છે અને અગાડી નિર્ભયરામ त्रिरात्रेण विशुद्ध्यति' એમ લખે છે તેમાં ગૌણ મુખ્ય પક્ષ સમજીને બંને વચનનો વિરોધ મટાડવો તેમણેજ આગળ લખ્યું છે કે " इति मुख्यपक्ष " અથવા सन्निधि असन्निधि ग्रामान्तर देशान्तरથી એકરાત્ર ત્રિરાત્ર પક્ષિણી ઇત્યાદિ સર્વત્ર વ્યવસ્થા કરવી તેથી પૂર્વાપર વિરોધ ન સમજવો જેમકે " मातुलादौ सन्निधि विदेशाभ्यां पक्षिण्येकाहयोर्व्यवस्था " ऋत्विक्षु बहुलपकालश्रौत स्मार्त्तयाजनपरे त्रिरात्रैकरात्रे" इति निणर्यसिंधु.

સહિત વેદોનો અભ્યાસ કરનાર; મામો અને શ્રોત્રિય, ( કેવલ વેદભણનાર ) ઇત્યાદિના મરણમાં એકરાત્રિ સૂતક લાગે એમ પણ ક્યાંય કહેલું છે.

३१ **मूल**–तथा असपिंडस्याऽपि यद्गृहे मरणं तद्गेहं स्वामिनां त्रिरात्रमित्यङ्गिराः ॥ एकरात्रमिति विष्णुः ॥ अत्र त्रिंशश्लोक्यां तट्टीकायां चैकरात्रमित्येवोक्तम् ॥

૩૧ **અર્થ**–તેમજ અસપિંડનું [1]મરણ જે ધણીના ઘરમાં થાય તે ઘરધણીને ત્રણ રાત્રિનું સૂતક લાગે એમ અંગિરા ઋષિનું મત છે. એક રાત્રિનું સૂતક લાગે એમ વિષ્ણુનું મત છે. અને "ત્રિશંત્શ્લોકી" નામકગ્રંથમાં તથા તેની ટીકામાં એક રાત્રિ સૂતક લાગે એમ કહ્યું છે.

३२ **मूल**–तथा च बृहस्पतिः ॥ "त्र्यहं मातामहाचार्य श्रोत्रियेष्वशुचिर्भवेत्" "प्रचेताः" मातृष्वसामातुलयोः श्वश्रूश्वशुरयोर्गुरौ ॥ मृते चर्त्विजि याज्ये च त्रिरात्रेण विशुद्ध्यति ॥ इति । एवं मातामह्यामपि त्रिरात्रमिति मुख्यः पक्षः ॥

૩૨ **અર્થ**–અને બૃહસ્પતિયે એમ જણાવ્યું છે કે નાનો ( માતાનોપિતા ), આચાર્ય અને શ્રોત્રિય

---

૧ એ મત હાલમાં પ્રચલિત નથી.

એઓનાં મરણમાં ત્રણરાત્રિનું આશૌચ લાગે. પ્રચેતા-પણ કહે છે કે માસી[1], મામો, સાસુ, સસરો, ગુરૂ, ઋત્વિજ અને યજમાન ઈત્યાદિમાંથી કોઈપણ મરણ પામે તો ત્રિરાત્ર આશૌચ લાગે. નાનીનું મરણ થયું હોય તો પણ ત્રિરાત્ર આશૌચ લાગે એ મુખ્ય પક્ષ છે. જેને માટે પ્રથમ એક રાત્રિ અને પક્ષીણી સૂતક કહ્યું છે તેને માટે પણ ત્રણરાત્રી બીજા ઋષિયો કહે છે, માટે તે સર્વ મતભેદ અત્રે દેખડાવ્યા છે, એ મતાંતરોમાં જે મત પોતાના દેશમાં ચાલતો હોય તે પ્રમાણે ચાલવું.

३३ **मूल**–वशिष्ठः "संस्थिते पक्षिणीरात्रिर्दौहित्रे भगिनीसुते। संस्कृते तु त्रिरात्रं स्यादिति धर्मो व्यवस्थितः" इति एतद्वचनव्याख्याने दौहित्रे भागिनेये च मृते उपनयनात्पूर्वं पक्षिणी उपनयनान्तरं त्रिरात्रमाशौचमित्येव ग्रन्थकारैर्व्याख्यातं न त्वाशौचकालो निर्णीतः॥

૩૩ **અર્થ**–વશિષ્ટે પણ કહેલું છે કે દૌહિત્ર (દીકરીનો દીકરો) અને ભાણેજ જો સંસ્કાર વિનાનો મરણ પામે તો ડોઢ દિવસનું આશૌચ અને જો

---

૧ માસીનું સુતક આજકાલ દોઢ દિવસનું માને છે પોતાના ઘરમાં મરણ થયું હોય તો ત્રણ દીવસનું માનવું એ ઉત્તમ પક્ષ છે.

જનોઇ દીધા પછી મરણ પામેતો ત્રણ દિવસનું આશૌચ લાગે. એમ નિશ્ચિતધર્મ છે. આ વશિષ્ટ વચનથી એમ સિદ્ધ થયેલું જણાય છે કે જનોઈ દીધાં પ્રથમ જો ભાણેજ વા દૌહિત્ર મરણ પામે તો પક્ષિણી. અને જનોઇવાળો ભાણેજ યા દૌહિત્ર ગુજરી જાય તો ત્રિદિન આશૌચ લાગે. પરંતુ સૂતક કયારથી માનવું તે સમયનો નિશ્ચય કીધો નથી તે આગળ કરવામાં આવે છે.

३४ **मूल**—काशीस्थपायगुंडोपनामकबालंभट्टेन स्वकृतमिताक्षराटीकायां दौहित्रभागिनेययोर्मरणे दाहात्पूर्वं स्नानमात्रं तदनन्तरमुपनयनात्प्राक् पक्षिणी तदनन्तरं त्रिरात्रमिति निर्णीतं तदेव मतमादरणीयम् ॥

૩૪ **અર્થ**—અને કાશીવાળા પાયગુંડ બાલંભટ્ટજીયે પોતાની કરેલી મિતાક્ષરાની ટીકામાં દૌહિત્ર તથા ભાણેજના મરણમાં દાહથી પ્રથમ સ્નાનમાત્ર. ત્યારપછી જનોઇ દીધાં પ્રથમ પક્ષિણી અને ઉપનયન થયાબાદ ત્રણરાત્રિનું આશૌચ લાગે એમ લખ્યું છે. માટે તેજ મતનો આદર કરવો એટલે દાહપછી આશૌચનો સમય માનવો યોગ્ય છે.

३५ **मूल**—एवं बन्धुत्रयमरणेऽपि दाहात्प्राक्स्नानमात्रं तत उपनयनात्प्राक् एकाहः तदनन्तरं पक्षिणी।

एवंस्त्र्यपत्यबन्धुत्रयेऽपि ज्ञेयम् । स्त्रीणामुपनयनस्थानीयो विवाहः । शुद्धि मयूखे तु उपनयनात्प्राक् स्नानमात्र-मत्युक्तम् ॥

૩૫ અર્થ—અને એમજ બંધુત્રયના મરણમાં પણ દાહથી પ્રથમ સ્નાનમાત્ર. ત્યારબાદ એટલે જનોઇ આપ્યા પ્રથમ એક દિવસ. ત્યારપછી પક્ષિણી આશૌચ લાગે. એમજ સ્ત્રીરૂપબંધુત્રયમાં પણ સમજી લેવું. એટલે જેમ બાંધવોમાં તેમજ બેહેનોમાં પણ માનવું. સ્ત્રીયોને યજ્ઞોપવીત સંસ્કારને ઠેકાણે વિવાહ સમજવો. એટલે પુરૂષને યજ્ઞોપવીત અને સ્ત્રીને વિવાહ એ બેય સમાન સંસ્કાર માનવા. શુદ્ધિમયૂખ નામના ગ્રંથમાં એમ લખેલું છે કે બંધુત્રયના મરણમાં જનોઇ આપ્યા પ્રથમ સ્નાન માત્ર કરવું.

૩૬ मूल—पितुर्मातुलादिमरणे मातुर्मातुलादिमरणे च पक्षिणी तदुक्तं षडशीत्याम् “ एवं पित्रोर्भगिन्यो ये ये पितामहयोस्तथा ॥ ये मातामहयोश्चैव भगिन्यो तत्प्रजाश्च याः ॥ मातुलाः स्वस्य पित्रोश्च पत्न्यश्चैषां प्रजाश्च याः मातरश्चेति सर्वेषु पक्षिणी स्वगृहे त्र्यहम् ” अत्र प्रामाणं तु कैमुतिकन्याय एव यदि पितृमातुलपुत्रे आशौचं तर्हि पितृमातुलादौ आशौचमस्तीति किमुवक्तव्यमिति समूलमेव। अयमेव निर्णयो गोकुलस्थ-

वंशाभट्टोपनामकबालकृष्णभट्टकृत आशौचनिर्णयेऽति स्फुटोऽस्ति ॥

૩૬ **અર્થ**—અને બાપના મામા વિગેરેના મરણમાં પક્ષિણી આશૌચ પાળવું એમ ષડશીતિ નામના ગ્રંથમાં લખેલું છે. એમજ મા બાપની બેહેનો દાદાની બેહેનો, નાના ( માનાપિતા ) ની બેહેનો, તેમની પ્રજા તથા મામા મામીઓ તથા તેમની સર્વ પ્રજા વિગેરેમાંથી કોઇ એકનું મરણ થાય તો પક્ષિણી આશૌચ લાગે અને જો પોતાના ઘરમાં મરણ થાય તો ત્રણ દિવસનું આશૌચં લાગે. આ બાબતમાં પુરાવો કૈમુતિક ન્યાયજ, કૈમુતિક શબ્દનો એવો અર્થ છે કે ઘરમાં સર્વને ભોજનનું નિમંત્રણ છે. જોકે દરેકનું નામ પાડવામાં નથી આવ્યું તથાપિ વિવાહિત સાસરે ગયેલી કન્યા પણ ભોજન કરવા આવેજ. જોકે પિતાને ઘેર નિમંત્રણ આવ્યું છે તથાપિ તે કન્યા ભોજન કરવા આવશે. એમજ અહીં પણ કૈમુતિકન્યાય લેવો જોઇયે. જેમકે બંધુત્રયના મરણમાં પક્ષિણી આશૌચ લાગે, ત્યારે તે બંધુના માતપિતાના મરણમાં કેમ આશૌચ ન લાગે જેમ કે પિતાની માશી, માતાની ફોઇ, પિતાનો મામો, માતાની માશી, માતાની ફુઇ, માતાને મામો પોતાની માશી, પોતાની ફુઇ, પોતાનો મામો ઉપર જણાવેલાના પુત્રો બંધુત્રય

કેહેવાય છે, જેનું આશૌચ પક્ષિણી આગળ કહીગયા છીએ તો તે બંધુત્રય માતાપિતાના મરણમાં કૈમુતિક ન્યાયના આધારે આશૌચ લાગવુંજ જોઈયે. આ બાબતમાં શ્રીગોકુલસ્થ બાલકૃષ્ણભટ્ટજીએ પોતાના રચેલા આશૌચનિર્ણય નામના ગ્રંથમાં સ્પષ્ટ નિર્ણય જણાવ્યો છે. સારાંશ એ છે કે દીકરાના મરણમાં આશૌચ લાગે તો પછી તેના માતાપિતાના મરણમાં કાં ન લાગે? માટે તેઓનું સૂતક પાળવું એ વાત સમૂળ છે.

૩૭ **मूल**–१अनौरसेषु पुत्रेषु जातेषु मृतेषु वा पितु स्त्रिरात्रम् ॥

૩૭ **અર્થ**–અનૌરસ (ધર્મપત્નીથી થએલો નહિ એવો) પુત્રના મરણમાં અથવા જન્મમાં પિતાને ત્રણ રાત્રિનું આશૌચ લાગે.

૩૮ **मूल**–अन्याश्रितासु स्त्रीषु मृतासु प्रसूतासु च पूर्वापरपत्योस्त्रिरात्रम् ॥

૩૮ **અર્થ**–એમજ બીજાનો આશ્રય કરી રહેલી સ્ત્રીના મરણમાં યા પ્રસવમાં પણ ત્રિરાત્ર આશૌચ લાગે. એમજ પૂર્વ અપર પતિનું પણ ત્રિરાત્ર આશૌચ લાગે.

૩૯ **मूल**–भिन्नपितृकसोदरे भ्रातरि जाते मृते च क्रमेण एकरात्रत्रिरात्रे ॥

૩૯ અર્થ—અને ભિન્ન પિતૃક[1] સહોદરભાઇના મરણમાં યા જન્મમાં ક્રમથી એકરાત્ર અને ત્રણ રાત્રિનું આશૌચ લાગે. એટલે જન્મમાં એકરાત્ર અને મરણમાં ત્રણરાત્ર.

૪૦ **मूल—यदा पित्रोस्त्रिरात्रं तदा सपिण्डानामेकाहमिति ग्रन्थकारैर्व्यवस्थापितं तथाऽपि तादृशस्थले सपिण्डानामपि त्रिरात्र मित्येव व्यवहारः। समानोदकादीनां स्नानमात्रम्॥**

૪૦ અર્થ—જ્યારે માબાપને ત્રણરાત્રિનું આશૌચ લાગતું હોય ત્યારે [2]સપિંડોને એક રાત્રિનું આશૌચ લાગે એમ ગ્રંથકારોએ વ્યવસ્થા કરી છે. તોપણ તેવે ઠેકાણે સપિંડોને ત્રિરાત્ર આશૌચ લાગે એમ વ્યવહાર છે. સમાનો[3]દક વિગેરે એતો સ્નાનજ કરવું.

૪૧ **मूल- अथाऽऽशौच सन्निपाते निर्णयः॥ तत्र जन शौचमध्ये जननाशौचे समे स्वल्पके वा पूर्वशेषेणैव शुद्धिः॥**

૪૧ અર્થ—આશૌચ સન્નિપાત—હવે એક આ-

---

૧ જેના પિતા જુદા અને માતા એક હોય તે ભિન્ન પિતૃક કહેવાય.

૨. ૩ આ સપિંડ તથા સમાનોદક શબ્દનો અર્થ આગળ કરી ગયા છીયે.

શૌચમાં બીજું આશૌચ આવી પડે તેનો ખુલાસો. જનનાશૌચમાં (પિંડરૂમાં) સમાન અથવા સ્વલ્પ (ઓછું) બીજું જનનાશૌચ આવે તો પ્રથમ પડેલા જનનાશૌચની સાથે બીજું જનનાશૌચ ઉતરી જાય.

૪૨ **मूल–मरणाशौचमध्ये मरणाशौचे समे स्वल्पके वा पूर्वशेषेणैव शुद्धिः ॥**

૪૨ **અર્થ**–એમજ મરણાશૌચમાં પણ સમાન અથવા સ્વલ્પ બીજું મરણાશૌચ આવીપ્રાપ્ત થાય તો પ્રથમના મરણાશૌચની સાથે બીજું મરણાશૌચ પણ ઉતરી જાય.

૪૩ **मूल–इदं पूर्वशेषेण शुद्धिविधानं नवमदिनपर्यन्तम् । दशमदिने रात्रौ वा दशाहान्तरपाते अधिकाभ्यां द्वाभ्यां दिनाभ्यां शुद्धिः ॥**

૪૩ આ પ્રથમ આશૌચની સાથે બીજું આશૌચ ઉતરી જાય છે તેનો વખત નવ દિવસપર્યંતનોજ સમજવો. અર્થાત્ એક માણસને જનનાશૌચ અથવા મરણાશૌચ આવ્યું છે અને તેના નવમે દિવસે જો બીજું સમાન યા સ્વલ્પ આશૌચ આવેતો તો પ્રથમ આશૌચની સાથે બીજું ઉતરી જાય. પરંતુ જો નવમા દિવસ પછી બીજું આશૌચ આવી પ્રાપ્ત થાય તો તે આશૌચ ઉતરે નહીં. એક આશૌ-

ચના દશમે દિવસે યા રાત્રિયે દશ દિવસના બીજા આશૌચની ખબર પડી આશૌચ આવ્યું તો બે દિવસ વધારે આશૌચ પાળવાથી શુદ્ધ થવાય.

૪૪ **मूल**–दशमदिनरात्रौ यामावशिष्टायां दशाहान्तरपाते त्रिभिर्दिनैः शुद्धिः ॥

૪૪ **અર્થ**–અને જો દશમા દિવસની પાછલી રાત્રે એટલે ત્રીજે પહોરે બીજા આશૌચની ખબર પડે તો ત્રણ દિવસ વધારે આશૌચ પાળવાથી શુદ્ધિ મળે.

૪૫ **मूल**–तन्मध्येऽपि दशाहान्तरपाते न पूर्वेण द्विरात्रेण त्रिरात्रेण वा शुद्धिस्तयोर्लघुत्वात् किन्तु उत्तरमेव पूर्णं कर्त्तव्यं गुरुत्वात् ॥

૪૫ **અર્થ**–અને એ ત્રણ દિવસમાં વળી કોઇ ત્રીજું દશ દિવસનું આશૌચ આવે તો પુરેપુરૂં પાળવું. બે ત્રણ દિવસ વધારે પાળવાથી ઉતરે નહીં. પુરેપુરૂંજ પાળવું.

૪૬ **मूल**–अत्र षडशीत्यां विशेषः " पूर्वाशौचे तु या शुद्धिः सूतके मृतकेऽपि च सूतिकामग्निदं हित्वा प्रेतस्य च सुतानपीति" आत्राऽग्निदशब्देन मन्त्राग्निदानदारभ्य और्ध्वदैहिककर्त्ता बोध्यः ॥

૪૬ **અર્થ**–આહીં ષડશીતિ નામક ગ્રંથમાં વિશેષ લખે છે કે પ્રથમ આશૌચમાં એટલે મૃતકનું

સૂતક હોય તેમાં યા જનનાશૌચમાં જે શુદ્ધિ થાય છે તેમાં સુવાવી, અગ્નિસંસ્કાર કરનાર અને મરનારના પુત્રો એ ત્રણની શુદ્ધિ થતી નથી. મૂલગ્રંથમાં અગ્નિ શબ્દ લખેલો છે તેનો અર્થ એવો જાણવો કે મંત્રાથી અગ્નિસંસ્કાર કરનાર માણસ જાણવો.

૪૭ **મૂલ**—सपिण्डाशौचमध्ये पित्रोर्मरणे सति न पूर्व शेषेण शुद्धिः किन्तु संपूर्णाशौचमेव ॥

૪૭ **અર્થ**—હવે સપિંડોનું આશૌચ આવ્યું હોય તેમાં માતા પિતાનું મરણ થાય તો પ્રથમ આ-શૌચની સાથે માતાપિતાનું આશૌચ ઉતરી ન જાય. કિંતુ સંપૂર્ણ આશૌચ પાળવું જોઇએ. દશાહ પછી વિવાહીત કન્યાને તો ૧ાા દિવસનું સૂતક લાગે છે એમ "ધર્મસિંધુ નિર્ણયસિંધુ" માં લેખ છે.

૪૮ **મૂલ**—सपिण्डाशौचमध्ये स्त्रीमरणे तु पूर्वशेषेण शुद्धिर्भवत्येव निषेधाभावात् ॥

૪૮ **અર્થ**—કદાચિત્ સપિંડના આશૌચમાં પોતાની સ્રીનું મરણ થાય તો પેહેલા આશૌચ સાથે ઉતરી જાય. કારણ કે ન ઉતરવાનાં વાકયો મળતાં નથી તેથી.

૪૯ **મૂલ**—पित्राशौचमध्ये मातृमरणे मातुरधिका

पक्षिणी कार्या इयं च पक्षिणी नवमदिनपर्यन्तं तदनन्तरं तु पूर्ववदेव ।

૪૯ **અર્થ**–પિતાના આશૌચમાં કદાચિત્ માતાનું મરણ થાય તો માતાનું આશૌચ પક્ષિણી વધારે પાળવું. આ પક્ષિણી નવમ દિવસ સુધી જાણવું. આગળ નહીં.

૯૦ **મૂલ**–केचित्तु पित्राशौचमध्ये दशमदिवसे मातृमरणे द्व्यहसमुच्चिता पक्षिणी । रात्रिचतुर्थयामे मातृमरणे त्र्यहसमुच्चिता पक्षिणीत्याहुः अत्र युक्तं त्विदमेव ॥

૫૦ **અર્થ**–કોઇ તો પિતાના આશૌચમાં દશમે દિવસે માતાનું મરણ થાય તો બે દિવસ સાથે વધારે એક પક્ષિણી એટલે ૩॥ દિન આશૌચ પાળવું એમ કહે છે અને દશમા દિવસની પાછલી રાત્રે માતાનું મરણ થાય, તો ૪॥ દિવસ વધારે સૂતક પાળવું. આ પક્ષ અમને યોગ્ય ભાસે છે.

૯૧ **મૂલ**–मात्राशौचमध्ये पितृमरणे तु संपूर्णमेव

૫૧ **અર્થ**–માતાના આશૌચમાં પિતાનું મરણ થતાં સંપૂર્ણ આશૌચ. આ સ્થળે કોઇ લિખિત પુસ્તકમાં વિશેષ પાઠ દેખાય છે તેનો અર્થ એવો થાય છે કે, પિતાનું પાળતી વખતે માતાની સપિંડી

દિવસે પિતાનું આશૌચ હોવાથી સપિંડી શ્રાદ્ધ કરવાનો અધિકાર નથી માટે પિતાનું આશૌચ ઉતરી જાય ત્યારબાદ મુહૂર્ત તપાસી માતાની સપિંડી કરવી. અને પિતાની તો તેને બારમે દિવસે થશેજ. પરંતુ માતાની થઈ ન શકે માટે પિતાના આશૌચ સમાપ્તિ પછી મુહુર્ત તપાસી માતાની સપિંડી (બારમાદિવસનું શ્રાદ્ધ ક્રિયા) કરવી, એમ સમજવું. એમજ માતાની અધિક પક્ષિણીમાં અધિક આશૌચ પાળવું.

૬૨ **મૂલ**—अथाऽस्थिस्पर्शे विचारः ॥ **मानुषास्थिनि सरसे बुद्धिपूर्वकं स्पृष्टे त्रिदिनम् । विरसे एकदिनम् । अबुद्ध्या मानुषास्थिनि सरसेस्पृष्टे स्नानं विरसे त्वाचमनम् ॥**

૫૨ **અર્થ**—હવે અસ્થિ ( હાડકા ) ના સ્પર્શનો વિચાર. જાણી જોઇને મનુષ્યના લીલા હાડકાનો સ્પર્શ કરવામાં આવે તો સ્પર્શ કરનારને ત્રણ દિવસનું આશૌચ લાગે. અને જો સુકાઇ ગયેલાં અસ્થિનો સ્પર્શ થાયતો એક દિવસનું આશૌચ લાગે. અને જો અજાણતાં મનુષ્યના લીલાં પણ હાડકાંનો સ્પર્શ કરવામાં આવે તો સ્નાન માત્ર કરવું. અને જો મનુષ્યના સુકા હાડકાનો સ્પર્શ કરવામાં આવે તો ( ત્રણ ) આચમન કરવાં.

૯૩ **मूल**—अमानुषास्थिसंस्पर्शे सरसे स्नानं विरसेत्वाचमनम् ॥

૫૩ **અર્થ**—પશુપક્ષી વગેરે કોઈ પણ જનાવરનાં લીલાં હાડકાંનો સ્પર્શ કરવામાં આવે તો સ્નાન કરવું. અને જો સૂકાં હાડકાનો સ્પર્શ કરવામાં આવે તો આચમન કરવાં.

૯૪ **मूल**—अथाऽन्यविचारः ॥ इदं चाऽऽशौचमाहिताग्ने रुपरमे संस्कारदिवसप्रभृति कर्त्तव्यम् । अनाहिताग्नेस्तु मरणदिवसप्रभृति ॥

૫૪ **અર્થ**—હવે બીજો વિચાર કરિયે છીયે. અગ્નિહોત્રીનું મરણ થાય તો અગ્નિહોત્રીના સંસ્કાર (દાહના) દિવસથી આશૌચ માનવું, અને અગ્નિહોત્રી ન હોય તો મરણ દિવસથી આશૌચ માનવું.

૯૯ **मूल**—अस्थिसंचयनं तु "प्रथमेऽन्हि द्वितीयेऽन्हि" इत्यादिना विहितमुभयोरपि संस्कारदिवसप्रभृत्येव ॥

૫૫ **અર્થ**—અસ્થિ સંચયન. (અસ્થિનું ગ્રહણ) તો પેહેલે યા બીજે, ત્રીજે, ચોથે સાતમે કે નવમે દિવસે કરવું. બેઉનું સંસ્કાર દિવસથી લઇને કરવું.

૯૬ **मूल**—आशौचिनामन्ने सकृद्भुक्ते यस्मिन् दिने भुक्तं ततः शिष्टाहान्याशौचम् ॥

૫૬ અર્થ—સૂતકીનું અન્ન એકવાર ખાવામાં આવ્યું હોય તો જે દિવસે ખાવામાં આવ્યું, ત્યારપછી જેટલા દિવસો બાકી હોય તેટલા દિવસ આશૌચ લાગે.

૫૭ **मूल—सजातीयस्योत्कृष्टसजातीयस्य वाऽनुगमने सचैलस्नानमग्निस्पर्शो घृतप्राशनं च ॥**

૫૭ અર્થ—સજાતીય અથવા ઉંચી સજાતીયના શબ પછવાડે સ્મશાનમાં જવું પડે તો સચૈલ (કપડાંશીખે) સ્નાન કરવું. અગ્નિનો સ્પર્શ તથા ઘીનું પ્રાશન કરવું. એટલે થોડુંક ઘી ખાવું.

૫૮ **मूल—ब्राह्मणस्य क्षत्रियानुगमने एकरात्रमाशौचम् । वैश्यानुगमने पक्षिणी । शूद्रानुगमने त्रिरात्रमिति । एवं क्षत्रियादेरपि हीनवर्णानुयाने एकाहादि॥**

૫૮ અર્થ—બ્રાહ્મણ ક્ષત્રિયના શબ પછવાડે જાય તો એકરાત્રિનું આશૌચ પાળે. બ્રાહ્મણ વૈશ્ય જાતીયના શબ પછવાડે જાયતો ડોઢ દિવસનું આશૌચ પાળે. બ્રાહ્મણ શુદ્ર જાતીયશબ પછવાડે જાય તો ત્રણ રાત્રિનું આશૌચ પાળે. એમજ ક્ષત્રિય વિગેરેને પણ પોતાથી હલકી જાતના શબ પછવાડે જવાથી આશૌચ સમજી લેવું. અર્થાત્ ક્ષત્રીને વૈશ્યનાં શબ પછવાડે જવાથી એક રાત્રનું અને શૂદ્રના સબ પાછળ જ-

વાથી દોઢ રાત્રનું આશૌચ લાગે. અને વૈશ્યને શૂદ્રના સબ પાછળથી જવાથી એક રાત્ર આશૌચ લાગે.

૫૯ मल—धर्मार्थद्विजनिर्हरणे तु पदे पदे ज्योतिष्टोम फलं भवति अवगाहनात्सद्यः शुद्धिः ॥

૫૯ અર્થ—ધર્મ માટે (દ્વિજ) બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય એ ત્રૈવર્ણિકના શબનું વહન કરે તો પગલેપગલે જ્યોતિષ્ટોમ નામક યજ્ઞનું ફલ થાય છે. અને અવગાહન (નદી વિગેરે જલાશયમાં ડુબકી મારી સ્નાન કરવા ) થી તરત શુદ્ધિ થાય છે.

૬૦ मूल—शूद्रस्य त्वनाथस्याऽपि धर्मार्थमपि द्विजैर्निर्हरणादि न कार्यमेव ॥

૬૦ અર્થ—અનાથ શૂદ્રના શબનું ધર્મને માટે પણ બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્યે વહન કરવું નહીં. અર્થાત્ તેને તો પૈસા આપીને શૂદ્ર પાસેજ ઉપડાવવો એથી અનાથ પ્રેત સંસ્કારનું ફળ મળે છે.

૬૧ मूल—स्नेहादिना सजातीयशवनिर्हरणे एकाहः

૬૧ અર્થ—સ્નેહથી પોતાની જાતિના શબનું વહન કરે તો એક દિવસનું આશૌચ લાગે અર્થાત દિવસે શબ લઇ ગયો હોય તો સાંજે તારાદર્શનથી શુદ્ધ થવાય, અને રાત્ર લઇ ગયા હોય તો સવારે સૂર્યદર્શનથી શુદ્ધ થવાય.

૬૨ **मूल**–पित्रादिनिर्हरणे आशौचिनामन्नं ब्रह्मचारीनाऽश्नीयात् ॥

૬૨ અર્થ–પિતા વગેરેનું વહન કરવાછતાં સુતકીનું અન્ન બ્રહ્મચારીએ ખાવું નહીં. કેમકે બીજા સૂતકી બ્રહ્મચારીથી વધારે અપવિત્ર છે.

૬૩ **मूल**–आहिताग्नौ पितरि देशान्तरे मृते तत्पुत्रादीनामासंस्कारोपक्रमादाशौचं नाऽस्त्येव ॥

૬૩ અર્થ–અગ્નિહોત્રી પિતા દેશાંતરમાં ગુજરી જાય તો જ્યાંસુધી સંસ્કારનો આરંભ ન થયો હોય ત્યાંસુધી મરનાર અગ્નિહોત્રીના પુત્ર વિગેરેને આશૌચ લાગે નહીંજ.

૬૪ **मूल**–अनाहिताग्नेस्तु विधिवद्दाहाभावे तदानीमाशौचग्रहणं वैकल्पिकम् ॥

૬૪ અર્થ–અને અનાહિતાગ્નિ (જેણે અગ્નિગ્રહણ નથી કર્યો તે) ગુજરી જાય અને જ્યાં સુધી યથાવિધિ તેનો દાહ નથી થયો ત્યાંસુધી આશૌચ પાલન વૈકલ્પિક અર્થાત્ સૂતક પાળે તો પણ ઠીક અને ન પાળે તો પણ ચાલે.

૬૫ **मूल**–तत्र गृहीताशौचानां संस्कारकाले पुनस्त्र्यहमाशौचम् ॥ अगृहीताशौचानां तु संपूर्णं दशाहाद्येव ।

૬૫ અર્થ–તેમાં જેણે પ્રથમ પક્ષમાની આશૌચ પાળ્યું હોય તેઓએ સંસ્કાર વખતે ફરીથી ત્રણ દિવસ વધારે પાળવું. અને બીજો પક્ષ માની જેણે મરણ વખતે નથી પાળ્યું. તેણે સંસ્કાર વખતે સંપૂર્ણ દશ દિવસ આશૌચ પાળવું.

૬૬ **मूल**–**पुत्राणां पत्न्याश्चेयं व्यवस्था ॥**

૬૬ અર્થ–તેમજ પુત્રની અને પત્નીની પણ આજ વ્યવસ્થા સમજવી. એટલે પૂતળ વિધાન કરતી વખતે, જો પ્રથમ સૂતક પાળ્યું હોય તો ત્રણ દિન અને ના પાળ્યું હોય તો દશ દિવસ સૂતક પાળવું.

૬૭ **मूल**–**पत्नीसंस्कारे पत्युश्चैवं सपत्न्योर्मिथश्चैवम् ।**

૬૭ અર્થ–અને જો સ્ત્રીનું મરણ થયું હોય અને તેનું દશ દિવસનું સૂતક પતિએ પાળ્યું હોય તો ફરી સંસ્કાર કરતી વખતે ત્રણ દિનનું સૂતક લાગે. અને પ્રથમ ન પાળ્યું હોય તો પૂરે પૂરૂં લાગે. સોકની પણ આમજ વ્યવસ્થા જાણવી. અર્થાત્ પ્રથમ પાળ્યું હોય તો ત્રણ દિવસ અને ન પાળ્યું હોય તો દશ દિવસ પાળવું.

૬૮ **मूल**–**अगृहीताशौचानां सपिण्डानां तु त्रिरात्राशौचम् । गृहीताशौचानां तु सपिण्डानां पुनराशौचं नाऽस्त्येव ॥**

૬૮ અર્થ—જે સપિંડોએ આશૌચ પ્રથમથી પાળ્યું નથી તેઓયે ત્રણરાત્રિ આશૌચ પાળવું. જેઓયે પાળ્યું હોય તેવા સપિંડોયે ફરીથી આશૌચ પાળવું. નહીં. પરંતુ સ્નાન માત્ર કરવું.

૬૯ મૂલ—आहिताग्नेस्तु प्रतिकृतिदाहे सपिण्डानां दशाहमेव । अत्र गृहीताशौचत्वपक्षो मुख्यः ॥

૬૯ અર્થ—અગ્નિહોત્રીની પ્રકૃતિ (પર્ણશર) ના દાહમાં સપિંડોને દશ રાત્રિનું આશૌચ લાગે. આ ઠેકાણે પ્રથમ પક્ષ મુખ્ય જાણવો. એટલે મરણનું જ્ઞાન થતાંજ આશૌચ પાળવું. આ પ્રથમપક્ષ મુખ્ય તરીકે માનવો.

૭૦ મૂલ—इदं चाऽऽशौचं द्विविधम् । अस्पृश्यत्वप्रयोजकं कर्मानधिकारलक्षणं च । पुत्रे जाते पितुरास्नानमस्पृश्यता मातुर्दशाहम् । कर्मानधिकारलक्षणं स्त्रीजनन्या मासम् । पुत्र जनन्या विंशतिरात्रम् । सपिण्डानां तु जननाशौचे अस्पृश्यता नाऽस्त्येव । किं तु कर्मानधिकारमात्रम् ॥

૭૦ અર્થ—આ આશૌચ બે પ્રકારનું છે. એક તો અસ્પૃશ્યત્વરૂપ એટલે કોઇનો સ્પર્શ ન થવા રૂપ અને બીજું કર્મનોઅનધિકાર. આ બે પ્રકારનું આશાચનું લક્ષણ જાણવું. પુત્રનો જન્મ થયાબાદ પિતાને મંગલ-

સ્નાનની પ્રથમ અસ્પૃશ્યપણું જાણવું. અને માતાને દશદિવસપર્યંત અસ્પૃશ્યપણું માતાને જો દીકરી આવી હોય તો એક માસપર્યંત કર્મનો અધિકાર નહીં. જો પુત્ર આવ્યો હોય તો વીશ દિવસ પર્યંતદૈવ અને પિતૃ સંબંધી કર્મનો અધિકાર નહીં. સપિંડોને પિંડરૂમાં અસ્પૃશ્યતા નથી, પરંતુ માત્ર દેવ અને પિતૃ સંબંધી કર્મ કરવાનો અધિકાર રહેતો નથી.

૭૧ मूल–आरब्धेषु व्रतयज्ञविवाहादिषु तत्तत्कार्ये आशौचाभावः । आरम्भो वरणं यज्ञे संकल्पो व्रतसंत्रयोः । नान्दी मुखं विवाहादौ श्राद्धे पाकपरिक्रिया अन्नसत्रप्रवृत्तानामाममन्नमगर्हितम् भुक्त्वा पक्वान्नमेतेषां त्रिरात्रं तु पयः पिबेत्." शुद्धि मयूखे च ' शिवविष्णवर्चनं दीक्षा यस्य त्वग्निपरिग्रहः स तत्कर्माणि कुर्वीत स्नातः शुद्धि मवाप्नुयात् ' एतद्वचनं गोस्वामिपुरुषोत्तमैर्वाराहपुराणोक्तद्वात्रिंशदपराधटीकायां स्फुटं लिखितमस्ति ।

૭૧ અર્થ–જો વ્રત, યજ્ઞ, વિવાહ વગેરેનો આરંભ થઇ ગયો હોય અને આશૌચ આવે તો આશૌચ લાગતું નથી. આરંભ કયારે ગણાય તેનો ખુલાસો એ છે. જેમકે કન્યાદાનના કર્તાને અને કન્યાદાન લેનાર વરને કન્યાદાનમાં આશૌચ લાગતું નથી. પરંતુ તે કયાં સુધી કે જયાં સુધી લાજાહોમ (શાલ

નોહોમ ) કરવામાં આવ્યો ન હોય ત્યાંસુધી. જો યજ્ઞ કરવામાં આવતો હોય તો યજ્ઞનો આરંભ બ્રાહ્મણનું વરણ થાય એટલે સમજવો. વ્રત અને સત્ર ( અન્ન-સત્ર ) માં સંકલ્પ કરવામાં આવે એટલે તેનો આરંભ થયો એમ સમજવું. વિવાહ, જનોઈ વગેરેમાં નાંદિમુખ એટલે વૃદ્ધિશ્રાદ્ધ કરવામાં આવે એટલે કાર્યનો આરંભ થયો એમ જાણવું. અને શ્રાદ્ધમાં પાક થયાબાદ પાકને આરંભ તરિકે જાણવો. આ ઠેકાણે સત્ર કરનારાઓનું એટલે જે સત્ર (સદાવ્રત) કરનાર છે તેને સત્રનો આરંભ સંકલ્પરૂપ થઇ ગયાબાદ જો આશૌચ આવે તો તે સત્ર કરનારનું કાચું અન્ન ખાવાથી કોઈ જાતનો પ્રત્યવાય ( દોષ ) પ્રાપ્ત થતો નથી. પરંતુ જો રાંધેલું અન્ન ખાધામાં આવે તો ત્રણરાત સુધી દુગ્ધપાનરૂપ પ્રાયશ્ચિત કરવું પડે. શુદ્ધિમયુખ નામના ગ્રંથમાં લખે છે કે જેને યજ્ઞાદિક કર્મમાં દીક્ષા મળી હોય અથવા અગ્નિહોત્રી હોય, તો તે સ્નાન કરી શુદ્ધ થઇને શિવ વિષ્ણુનું પૂજન અને અગ્નિહોત્ર વગેરે નિત્યનાં સત્કર્મો કરી શકે. આ વચન શ્રીપુરૂષોત્તમજી મહારાજે વારાહપુરાણોક્ત દ્વાત્રિંશદપરાધની ટીકામાં સ્પષ્ટ લખેલું છે.

૭૨ **मूल**—अथ पैठीनसिः सूतके संन्ध्यादि विचारः ॥ “ अर्घ्यान्ता मानसी सन्ध्या प्राणायामविव-

र्जिता । अञ्जलिप्रक्षेपस्तु सावित्रीमुच्चार्य कार्यः " इति सूतकादौ बलिदानं प्राणाहुतिश्च कार्या तस्मृत्यर्थसारे मयूखे चोक्तम् । वैश्वदेवस्तु न कार्य इति चोक्तम् ॥

૭૨ અર્થ—પૈઠીનસિ નામક ઋષિનો મત એ છે કે, આશૌચમાં અર્ઘ્યદાનપર્યન્ત જલદર્ભ વિનાની માનસી સંધ્યા કરવી. અને ગાયત્રીનો સ્પષ્ટ ઉચ્ચાર કરી પ્રાણાયામ શિવાય અંજલિ આપવી. સૂતક વિગેરેમાં બલિદાન અને પ્રાણાહુતિ કરવી. આ બાબત સ્મૃત્યર્થસાર નામક ગ્રંથમાં અને મયૂખમાંપણ લખેલી છે. અને વૈશ્વદેવ કરવાની મનાઈ પણ લખેલી છે.

૭૩ मूल—अथ स्नानविचारः । तत्र स्वल्पसम्बन्धेऽपिस्नानमित्येव सर्वत्रोक्तम् । संवन्धविशेषस्तु नोक्तस्तथाऽपि शास्त्रानुसारिण्या युत्क्या संवन्धविशेषो निनिर्णीयते । तत्र "श्यालके तत्सुते चैव सद्यः स्नानेन शुद्ध्यति" इत्यादि वृद्धवशिष्ठवचनेन स्फुटं स्नानमुक्तं तत्र संदेह एव नाऽस्ति । एवं जामात्रादावपि ॥

૭૩ અર્થ—હવે સ્નાન ક્યાં સુધી કોનું લાગે તેનો વિચાર. થોડા સંબંધમાં પણ સ્નાન કરવું એમ બધે ઠેકાણે લખાયલું છે. પરંતુ સંબંધ તે કેવી જાતનો વિગેરે નિર્ણય નથી કર્યો. તોપણ શાસ્ત્રરીતથી

તથા યુક્તિથી સંબંધ બાબતનો અમે નિર્ણય કરિયે છીયે. શાળો અથવા શાળક પુત્ર જો ગુજરી જાય તો સ્નાન કરવાથી તરત શુદ્ધ થાય છે, એમ વૃદ્ધવશિષ્ટના વચનમાં સ્પષ્ટ સ્નાન કહેલું છે. તેમાં સંદેહ નથી અને એમજ જમાઇની બાબતમાં પણ સમજી લેવું.

૭૪ मूल–विवाहितकन्यानां तु मूलपुरुषमारभ्य पञ्चमव्यक्तिपर्यन्तं स्नानमिति मुख्यःपक्षः। तदनन्तरं विवाहयोग्यतायाः सत्त्वान्न स्नानम्। यद्यपि योगीश्वर-याज्ञवल्क्येन "पंचमात्सप्तमादूर्ध्वं मातृतः पितृतस्तथा" इत्युक्तं तथापि पञ्चमादूर्ध्वं सर्वत्र विवाहव्यवहारः [१]सुप्रसिद्धः किं च बन्धुत्रयापत्यमरणेऽपि स्नानं स्वल्पसंबन्धसत्त्वात्। एवमन्यत्रापि ज्ञेयम्॥

૭૪ અર્થ–પરણેલી કન્યાઓનું મૂલપુરૂષને લઇને પાંચમી પેઢી સુધી સ્નાન લાગે આ મુખ્ય પક્ષ છે. અને ત્યારપછી વિવાહની યોગ્યતા પ્રાપ્ત થાય છે માટે સ્નાન ન લાગે. જો કે યોગીશ્વર યાજ્ઞવલ્કય કહે છે કે માતા તરફથી તથા પિતા તરફથી પાંચ અને સાત પેઢીસુધી સ્નાન લાગે, પરંતુ પાંચમી પેઢી પછી બધે ઠેકાણે વિવાહ કરવાનો ચાલ સુપ્રસિદ્ધ છે. માટે તેમ બનતું નથી એમ સમજવું. વળી ત્રણ

---

१ सुप्रसिद्ध एव इत्यपि पाठः

જાતના બાંધવોનાં છોકરાંઓનાં મરણમાં પણ સ્નાન લખેલું છે કારણ કે થોડો સંબંધ વિદ્યમાન છે માટે એમ બીજે ઠેકાણે પણ સહજ સંબંધ હોય ત્યાં સ્નાન સમજી લેવું.

૭૫ **મૂલ**–हरिहरभाष्ये वृद्धशातातपः। "शिशोरभ्युक्षणं कार्यं बालस्याचमनं स्मृतम्। रजस्वलादि संस्पर्शे स्नातव्यं च कुमारकैः"। बालादिस्वरूपं च तत्रैवोक्तम्। "प्राक्चूडाकरणाद्बालः प्रागन्नप्राशनाच्छिशुः। कुमारकः स विज्ञेयो यावन्मौञ्जीनिबन्धनम्" इति ॥

૭૫ અર્થ–હરિહર ભાષ્યમાં વૃદ્ધ શાતાતપ ઋષિનું વચન લખ્યું છે કે રજસ્વલા વિગેરેના સ્પર્શમાં શિશુને પ્રોક્ષણ કરવું. બાલકને આચમન કરાવવું. અને કુમારને સ્નાન કરાવવું. એજ ઠેકાણે બાલક વિગેરેનું લક્ષણ આ પ્રમાણે લખેલું છે કે ચૂડાકરણની પ્રથમ પુત્રની બાલસંજ્ઞા જાણવી અને અન્નપ્રાશનની પ્રથમ પુત્રની શિશુસંજ્ઞા જાણવી. પછી જયાંસુધી જનોઈ ન આપ્યું હોય ત્યાંસુધી પુત્રની કુમાર સંજ્ઞા સમજવી. અર્થાત શિશુ જો રજસ્વલા વિગેરેને અડી જાય તો પ્રોક્ષણ કરવાથી તે શુદ્ધ થાય. બાલક જો અડકે તો આચમનથી શુદ્ધ થાય. અને જો કુમાર સ્પર્શ કરે તો સ્નાનથી શુદ્ધ થાય.

૭૬ मूल–अत्र रजस्वलादीत्यादिपदेन सूतकिस्पर्शेऽप्येवं ज्ञेयम् । सूतकिस्पर्शाद्रजस्वलास्पर्शे दोषाधिक्यान्नात्र संशय "सूतकाद्द्विगुणं शावं शावाद् द्विगुण मार्त्तवम् । आर्त्तवाद्द्विगुणा सूतिस्ततोऽपि शवदाहकः" इति स्मृतेः ॥ इत्याशौचविचारो हि सदाचारानुसारकः ॥ विदा निर्भयरामेण कृतोऽयं जनशुद्धये ॥१॥

इति श्रीद्वारकाधीशराजधानोकांकरोलीस्थनागरज्ञातीय विश्वनगरवास्तव्य निर्भयरामभट्टकृत आशौचनिर्णयः समाप्त ॥ श्रीहरिः

૭૬ અર્થ–આહીં રજસ્વલાદિ આ શબ્દમાં આદિશબ્દ લીધેલો છે. તો તે આદિશબ્દથી સૂતકીનો સ્પર્શ સમજવો. સૂતકીના સ્પર્શથી રજસ્વલાના સ્પર્શમાં વિશેષ દોષ હોવાથી સૂતકીનો સ્પર્શ થતાં ઉપર લખ્યા પ્રમાણે કરવામાં સંદેહજ નથી એમ સમજવું. શાસ્ત્રમાં લખેલું છે કે પિંડરૂથી બમણો દોષ મૃતકના આશૌચમાં લાગે છે. મૃતકના આશૌચથી બમણો દોષ રજસ્વલાના સ્પર્શમાં જાણવો. રજસ્વલાના દોષથી બમણો દોષ સૂતિકા એટલે સુવાવડીના સ્પર્શનો સમજવો. અને તેના કરતાં પણ બમણો દોષ શબબાળનારના સ્પર્શનો જાણવો.

આ પ્રમાણે નિર્ભયરામ પંડિતે સદાચારને અનુસરનારો આ "આશૌચ નિર્ણય" મનુષ્યોની શુદ્ધિ માટે બનાવેલો છે. શ્રીદ્વારકાધીશ રાજધાની શ્રીકાંકરોલીમાં રહેલા નાગરજાતિમાં ઉત્પન્ન થયેલા વિશ્વનગર (વીશનગર)માં જન્મેલા નિર્ભયરામ ભટ્ટજી વિરચિત આશૌચ નિર્ણય સંપૂર્ણ.

INDIAN INSTITUTE OF ADVANCED STUDY
Acc. No. 15656
Date 29.11.66
SIMLA